Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

यातं भोगाभिलाषैरखिलमिदमहो जीवितं तावकीनं ।
यत्नो नैव त्वयाज्ञ कृत इह जननक्लेशविच्छेदहेतुः ॥
त्यक्त्वासक्तिं गजेन्द्रश्रुतिशिखरचलेष्वेषु भोगेषु शीघ्रं ।
'आत्मानन्द प्रकाशं' कुरु हृदयगतं येन शश्वत्सुखं स्यात् ॥ १ ॥

पु. २१. | वीर सं. २४५०. माह आत्म सं. २८ | अंक ७ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| | વિષય. | પૃષ્ઠ. | | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભાવિક જ્ઞાન બીજ ... | ૧૪૯ | ૫ | જૈન એતિહાસિક સાહિત્ય... | ૧૫૯ |
| ૨ | પ્રભુ મહાવીર અને ગૌતમ બુદ્ધ.... ... ... ... | ૧૫૦ | ૬ | એક રમુજી સંવાદ.... ... | ૧૬૩ |
| | | | ૭ | સંતોના સુવાસ. ... ... | ૧૬૮ |
| ૩ | શ્રી સ્થુલભદ્રજીની સજ્ઝાય. | ૧૫૫ | ૮ | વર્તમાન સમાચાર... ... | ૧૭૦ |
| ૪ | શ્રી જયવંત સૂરિ. ... ... | ૧૫૬ | ૯ | ગ્રંથાવલોકન... ... ... | ૧૭૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


“ જલ્દી મંગાવો ”

## શ્રી બાળ બ્રહ્મચારી બાવીશમા જીનેશ્વર

# “ શ્રી નેમનાથ પ્રભુનું (નવ ભવનું) ચરિત્ર. ”

આ ગ્રંથમાં શું જોશો ? શ્રી નેમનાથ પ્રભુ અને સતી રાજેમતીનો નવ ભવનો ઉત્તરોત્તર આદર્શ પ્રેમ અને અપૂર્વ વર્ણન, પતિ પત્નીનો અલૌકિક સ્નેહ, સતી રાજેમતીના સતીપણાનો વૃત્તાન્ત, પ્રભુની બાળક્રીડા, વગેરે પ્રસંગોની જાણવા યોગ્ય હકીકતો, તેમજ શ્રી વસુદેવ રાજાનું ચરિત્ર અને ઉચ્ચ પ્રકારની પુણ્યપ્રકૃતિનું વર્ણન ખાસ વાંચવા લાયક છે. વળી શ્રીકૃષ્ણ વાસુદેવનું ચરિત્ર, વૈભવ, પરાક્રમ, રાજ્યવર્ણન. પ્રતિવાસુદેવ જરાસંધનો વધ, નેમનાથ પ્રભુ પ્રત્યેની અપૂર્વ ભક્તિ, તદ્ભવ મોક્ષગામી શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્રો શાંબ અને પ્રદ્યુમ્નનું જીવનવૃત્તાંત. મહાપુરૂષ અને સતી નળ દમયંતીનું જીવન ચરિત્ર, પોતાના બંધુ કુબેર સાથે જુગાર રમતાં હારી જતાં પોતાના વચનનું પાલન કરવા કરેલો રાજ્યત્યાગ, સેવેલો વનવાસ, સતી દમયંતીને પતિથી વિખુટા પડતાં પડેલાં અનેક કષ્ટો ( જે વાંચતા દરેકની ચક્ષુમાં આંસુની ધારાઓ આવે છે ) તેમાં પણ રાખેલી અખૂટ ધૈર્યતા, શિયલ સાચવી બતાવેલો અપૂર્વ મહિમા, અને સતી દમયંતીની શાંતિ અને પતિ પરાયણતા તો વાંચકને આશ્ચર્ય પમાડે છે. જૈનોનું મહાભારત, પાંડવોનું જીવન ચરિત્ર, કુરૂક્ષેત્રમાં પાંડવ કારવોનું ( ન્યાય અન્યાયનું ) યુદ્ધ, સતી દ્રૌપદીનો સ્વયંવર અને પાછલા ભવનું વર્ણન, પાંડવો સાથે લગ્ન, સતી દ્રૌપદીનો જૈન ધર્મ પ્રત્યે નિકટ પ્રેમ, પતિ સેવા, શિયલ સંરક્ષણ, ચારિત્ર અને મોક્ષ એ વગેરે વર્ણનો. આટલા આટલા મુખ્ય ચરિત્રો, તેમજ અંતર્ગત બીજા પણ સુંદર વૃતાંતો, અને શ્રી નેમનાથ ભગવાનના પંચ કલ્યાણકના વૃતાંતો, જન્મ મહોત્સવ, દિક્ષા, દેશના, પરિવાર અને છેવટે મોક્ષ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં ગ્રંથકાર મહારાજ શ્રી ગુણવિજયજી વાચકે એટલું બધું વિસ્તારથી, સુંદર અને સરલ રીતે આપ્યું છે કે, અત્યાર સુધીના શ્રી નેમનાથ પ્રભુના પ્રકટ થયેલા ચરિત્રો કરતાં આ પ્રથમ પંક્તિએ આવે છે. આ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો, આલ્હાદ ઉત્પન્ન કરે તેવો, દરેક મનુષ્ય વાંચી પોતાનું વર્ત્તન ઉચ્ચ ધર્મિષ્ટ બનાવવા પોતા માટે મોક્ષ નજીક લાવી શકે તેવો છે.          કિંમત બે રૂપીયા. પોસ્ટેજ જુદું.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

“ જલદી મંગાવો—તૈયાર છે. ”

### “ શ્રી પૂજા સંગ્રહ. ”

શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વર કૃત પાંચ, શ્રીમાન્ હંસવિજયજી મહારાજ કૃત એક, શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ કૃત પંદર પૂજા (કુલએકવીશ પૂજા) નો સંગ્રહ ગુજરાતી સુંદર ટાઇપમાં, ઉંચા કાગળ ઉપર; સુંદર બાઇડીંગથી પ્રકટ થયેલ છે. શ્રી અષ્ટાપદજી અને શ્રી બ્રહ્મચર્ય પદની નવીન અપૂર્વ પૂજાનો લાભ લેવા ચુકવાનું નથી. ફાગણ માસમાં પ્રકટ થશે. જલદી નામ નોંધાવો. સીલીક માત્ર થોડીજ નકલો બાકી રહી છે. કીંમત ૨–૦–૦ નિસ્વાર્થ વૃતિએ પ્રકટ કર્ત્તા પૂજા પ્રેમી માસ્તર માણેકલાલ નાનજી બોઘ. ઠે૦ પૂજાઅમરાની શેરી સખીદાસનો ખાંચો–ભાવનગર.

મળવાનું ઠેકાણું

પ્રકટકર્ત્તા તથા શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरग-
भस्तयो विशन्ति सुखमुपदेशगुणाः, गुरुवचनम-
मलमपि सलिलमिव महदुपजनयति श्रवण-
स्थितं शूलमभव्यस्य ।

कादम्बरी.

पुस्तक २१ ] वीर संवत् २४५० माह आत्म संवत् २८. [ अंक ७ मो.

## प्रभातिक—ज्ञानबीज.

त्रिपदि प्रभाव—

ઉત્પાદ વ્યયને ધ્રુવ, ત્રિપદ જ્ઞાનબીજ બલિષ્ટ છે,
ગૌતમ સમાન સુવાટિકાના કૃષિકાર શ્રી વીર છે;
દેખો ફલિ એ વાટિકા ફલ દ્વાદશાંગિ વિસ્તરી,
આત્માર્થિ જન આસ્વાદતા ભવપાર પાથ ખરેખરી. ૧

काळयोगे क्षति—

અવસરપિણિ યોગે જુઓ સદ્જ્ઞાન આચ્છાદન થયું,
આંખી જણાએ ભારતે; સંધ્યા પ્રભા સમ તે રહ્યું; ૨

छतां पण—

સર્વાંગિ છે સ્યાદ્વાદ જો ! માધ્યસ્થ્યદૃષ્ટિ દાખવે,
ષટ્દર્શનોમાં પ્રથમપદ છે નમન આ માનવ ભવે.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રભુ મહાવીર અને ગૌતમ બુદ્ધ

( ગતાંક પૃષ્ટ ૧૩૬ થી ચાલુ. )

પ્રભુ મહાવીર નિર્વાણનું સ્વરૂપ જણાવતાં કહે છે કે સર્વ કર્મજન્ય ઉપાધિનું ઓલવાઇ જવું એટલે સર્વ કર્મોપાધિ રહિત સચ્ચિદાનન્દમય આત્મસ્વરૂપ પ્રકટ થવું તેનું નામ નિર્વાણ છે. મહાવીર પ્રભુ પાવાનગરીમાં હસ્તિપાલ રાજાની દફ્તરી ઓફીસમાં વિક્રમ પૂર્વ ૪૭૦ ને ઇ. સ. પૂર્વ ૫૨૭ વર્ષે કાર્તિક વદી ( ગુજરાતી આસો ) અમાસને દીને પૂર્વોક્ત સ્વરૂપવાલા નિર્વાણપદને પામ્યા હતા.

આ સમયે ત્યાં ચેટકરાજ તથા નવમલ્લકી અને નવલેચ્છક વિગેરે રાજાઓએ જગતનો નરદીપક બુઝાવાથી તેની નકલરૂપ દીપકોનો પ્રકાશ કર્યો અને દીપોત્સવી પર્વની શરૂઆત થઇ. આ પર્વનું મહત્વ હિન્દુસ્થાનમાં પ્રચલિત છે.

ગૌતમ બુદ્ધ નિર્વાણનું સ્વરૂપ બાંધતાં કહે છે કે સર્વ વસ્તુઓનો પાંચ સ્કંધમાં સમાવેશ થાય છે. કારણ કાય એક કાળમાં ન હોવાથી પાંચે સ્કંધ ક્ષણિક છે ( જીવને ક્ષણિક માની નાશ દર્શાવવો એ પૂર્વ નૈયાયિકોની દૃષ્ટિએ નાસ્તિક નહીં તો બીજું શું ? ) આ સર્વ ક્ષણ પરંપરાનો સર્વથા અભાવ થવો—દીપકની પેઠે બુઝાઇ જવું અથવા શુદ્ધ ક્ષણોની પરંપરા રહેવી તેનું નામ નિર્વાણ છે. આવા પ્રકારનું બુદ્ધ નિર્વાણ ઈ. સ. પૂર્વે. ૫૪૩ વર્ષે વિક્રમ પૂર્વે. ૪૮૬ વર્ષે કરમગઢમાં થયેલ છે એ બૌદ્ધ ગ્રંથોથી સમજી શકાય છે.

પ્રભુ મહાવીર ૭૨ વર્ષની ઉમ્મરે નિર્વાણ પદ પામ્યા છે, જ્યારે ગૌતમ બુદ્ધ ૮૦ વર્ષની વયે નિર્વાણ પદ પામ્યાનું કહેવાય છે. વળી ગૌતમ બુદ્ધ કયારે નિર્વાણ પામ્યા એ વિષયમાં સ્પષ્ટ વિશ્વાસુ ખુલાસો મળી શકતો નથી. વર્તમાન પંડિતોમાં આ વિષયે ભેદનું સ્થાન લીધું છે.

પ્રો. મુલર તથા બુલ્હર વિગેરે માને છે કે ઇ. સ. પૂર્વે ૪૭૭ વર્ષે બુદ્ધ નિર્વાણ કાળ છે. રિઝડેવિડસ ચોથા સૈકાથી બીજા દશકામાં પાછલ ધકેલે છે. ઓલ્ડન બર્ગ ઈ. સ. પૂર્વે. ૪૮૦ માં નિર્વાણ માને છે.

બૌદ્ધદર્શન વસ્તુની યથાર્થ નીરૂપણામાં જૈન દર્શનથી જુદું પડે છે. આ દર્શનને સર્વ પદાર્થોની ક્ષણિકતા–પ્રત્યેક સમયે વિનશ્વરતા ઇષ્ટ છે. જ્યારે જૈન દર્શન સમસ્ત પદાર્થમાં પર્યાય ( પરિવર્તન ) રૂપે ક્ષણિકતાનો અને વસ્તુના વસ્તુગત મૂલ સ્વરૂપે અક્ષિણકતા–અવિનશ્વરતાનો એમ બન્ને ધર્મોનો એક સાથે સ્વીકાર કરે છે. આવી રીતે બન્ને–પ્રભુ મહાવીરના અને ગૌતમ બુદ્ધના અનુયાયિઓમાં અનેક માન્યતા–ભેદો પણ છે. બન્ને ધર્મો જગતને અનાદિ માને છે, છતાં તેના ક્રમવર્તી સ્વરૂપમાં તો નરી તારતમ્યતાજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બૌદ્ધની આ વિષયની માન્યતામાં ( ખાસ કરીને ધર્મ પૂજા બાબતમાં ) પ્રભાતકુમાર મુખોપાધ્યાય, પ્રવાસીના બાવીશમાં વર્ષના પાંચમા અંકમાં બૌદ્ધ ગ્રંથો અને રીતરીવાજોના આધારે " બૌદ્ધોની ધર્મપૂજા અને પંડિતતત્વ " નો ઉલ્લેખ કરતાં સારૂં અજવાલું પાડે છે. તે મહાશય લખે છે કે—આદિ બુદ્ધે* સૃષ્ટિ કાર્ય ચલાવવા વૈરોચન, અક્ષોભ્ય, રત્નસંભવ, અમિતાભ અને અમોઘસિદ્ધિ નામે પાંચ યુગ માટે પાંચ ધ્યાનિ બુદ્ધ બનાવ્યા. તેમાંથી ત્રણ બુદ્ધ સત્ય, દ્વાપર અને ત્રેતાયુગમાં થઈ ગયા છે. અમિતાભ વર્તમાન જગતના કલિયુગમાં નિયન્તા છે અને પાંચમા અમોઘસિદ્ધિ હવે શૂન્ય યુગમાં થશે. આ પાંચે બુદ્ધને બુદ્ધના ત્રિકાય તત્વના અનુસારે નિર્માણકાય ધર્મકાય અને સંભોગકાય એમ ત્રણ કાય હોય છે

તે બુદ્ધની માનુષી અવસ્થાનો નિર્માણકાયમાં સમાવેશ થાય છે. જેમાં એકુચ્છન્દ કનક મુનિ અને કાશ્યપ માનુષી બુદ્ધ થઈ ગયા છે. વર્તમાન બુદ્ધ શાક્યસિંહ છે, અને ભવિષ્યમાં મૈત્રેયી થશે. બીજી ધર્મકાયમાં નિર્માણ પ્રાપ્ત કરનાર વૈરોચન વગેરે ધ્યાની બુદ્ધનો સમાવેશ થાય છે. અને ત્રીજી સંભોગ કાયમાં બોધિસત્વની અવસ્થાવાળા સમન્તભદ્રાદિ પાંચનો સમાવેશ થાય છે. આ બુદ્ધતત્વ સ્થૂલ છે. આ ત્રિકાય પૈકી ધ્યાનિ બુદ્ધ અને બોધિસત્વની મૂર્તિઓ થાય છે. નેપાલ તિબેટ અને જાપાનમાં આ રીતની મૂર્તિઓની ઉપાસના જોઈ શકાય છે. તે મૂર્ત્તિની ઓળખાણ મુદ્રા સહચર ( અનુચર ) કે રંગથી થઈ શકે છે. આ પાંચ બુદ્ધના પાંચ પંડિતો ( પૂજારી ) હોય છે. જે માંહેના ત્રણ પંડિતો ત્રણ યુગમાં થઈ ગયા છે. વર્તમાન અમિતાભ—શાક્ય મુનિનો પૂજક રામાઈ પંડિત ધર્મ પૂજાના પ્રવર્તક છે. અને ભાવષ્યમાં પાંચમા ગોસાઈ પંડિત થશે. આ પાંચમા પંડિત સંબંધે કાંઈ સ્પષ્ટ ખુલાસો મળી શકતો નથી.

* અત્યારે બૌદ્ધ ધર્મ માનનાર પ્રજા વિશાળ પ્રમાણુમાં છે અને તેના રીત રીવાજોમાં પણ અનેક રંગો પૂરાયાનું કહેવાય છે. અને તેના પેટા ધર્મો પણ ઘણા થયા છે. જો કે તેના ક્ષુદ્ર પેટા ધર્મોની માહીતી મળી શકતી નથી. તો પણ તેના મુખ્ય ધર્મ બે ભાગમાં વહેંચાયેલ છે. આ વાત જગ જાહેર છે. આ બે ફાંટા પૈકીનો " મહીયાન " ટીબેટ—ચીન—જાપાન વિગેરે ઉત્તર ભાગમાં છે જે ત્રણ ( શ્રાવક બોધિ, બુદ્ધબોધિ અને સમ્યક બોધિ. ) બોધિમાંથી સમ્યક સંબોધિને માને છે. અને બીજો ફાંટો " હીનયાન " દક્ષિણના પ્રદેશ સિલોન બ્રહ્મદેશ વિગેરેમાં છે, આ સિવાય મલ્લવાદીજીના બુદ્ધિ વૈભવથી હારીને બૌદ્ધો હિંદ બહાર ગયા પછી અવશેષ રહેલ બૌદ્ધોએ કેટલાક વિકૃત ધર્મો હિન્દમાં ફેલાવ્યાનું સમજી શકાય છે. પુરાણ પ્રેમીયોના સંસર્ગથી વિકૃત થએલો શૂન્યવાદ પણ બૌદ્ધ ધર્મનો પેટા ધર્મ છે. બારમી સદીના ગ્રંથો પણ આ મતની ઓળખાણ કરાવતાં કહે છે કે શૂન્યવાદના સિદ્ધાન્તો પ્રમાણ પૂર્વક વિચારવાથી અસત્ય સ્વરૂપવાળા થઈ પડે છે. માટે તે પ્રમાણનો સ્વીકાર કરતો નથી. વળી હિન્દમાંના બૌદ્ધના પેટા ધર્મોમાં વિકાર થવાથી કેટલાએક કોઈ જગત્કર્ત્તા નથી ઇત્યાદિ બૌદ્ધ સિદ્ધાન્તોને ભૂલી જઈ જગતમાં જગત્કર્ત્તા તરીકે કોઇક વ્યકિતને ( આદિ બુદ્ધને ) કબુલે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચે પંડિતોના નામ બુદ્ધના દેહવર્ણના શબ્દમાંથી જન્મ પામ્યા છે. વળી પાંચ બુદ્ધને આશ્રીતે પાંચ કોટાલ, પાંચ તારા શક્તિઓ આમિની (કામીની સંભવે છે) પંડિત વિગેરે હોય છે. જેમ બોધિસત્વની પૂજા વિના ન ચાલે તેમ કોટાલ (કોટવાલ) ની પણ પૂજા અવશ્ય કરવી પડે છે અને દરેકને સોના રૂપા વિગેરેની કડી આપવી પડે છે. આ ધર્મપૂજાના મતમાં તાંત્રિકતાનો સંબંધ કહી શકાય છે. બુદ્ધતત્વ અને પંડિતતત્વનું સંક્ષિપ્ત વસ્તુદર્શન નીચે મુજબ છે.

## બુદ્ધતત્વ.

**ધ્યાનીબુદ્ધ**—વૈરોચન, અક્ષોભ્ય, રત્નસંભવ, અમિતાભ, અમોઘસિદ્ધ.

**માનુષીબુદ્ધ**—એકુચ્છન્દ, કનકમુનિ, કાશ્યપ, શાક્યમુનિ, મૈત્રેયિ.

**બોધિસત્વ**—સમન્તભદ્ર, વજ્રપાણી, રત્નપાણી, પદ્મપાણી, વિશ્વપાણી.

**તારાશક્તિ**—વજ્રધાત્વિશ્વરી, લોચના, મામકિ, પંડુરા, તારા.

**સ્થાન**—મધ્ય, પૂર્વ દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર.

**ઇંદ્રિય**—શબ્દ, સ્પર્શ સૃષ્ટિ, સ્વાદ, ગંધ.

**ભૂત**—વ્યોમ, મરૂત, તેજ, આપ, ક્ષિતિ.

**વર્ણ**—શ્વેત, નીલ, પીત, રક્ત, હરિત.

## પંડિતતત્વ.

| | પંડિત | કોટાલ | આમીની | સ્થાન | યુગ | અનુચરગતિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્વેતાઈ | ચંદ્ર | વસુધા | પશ્ચિમ | સત્ય | ૪૦૦ |
| ૨ | નીલાઈ | હનુમાન | ચરિત્રા | દક્ષિણ | દ્વાપર | ૮૦૦ |
| ૩ | કંસાઇ | સૂર્ય | ગંગા | પૂર્વ | ત્રેતા | ૧૨૦૦ |
| ૪ | રામાઇ | ગરૂડ | દુર્ગા | ઉત્તર | કલિ | ૧૬૦૦ |
| ૫ | ગોસાંઈ | ઉલૂક | અભયા | ૦ | શૂન્ય | અનેકગતિ |

( બુદ્ધના કેટલાક સૃષ્ટિ રચનાક્રમ માટે મારા વિશ્વરચના પ્રબંધમાં જોવું )

* જૈન દર્શન પણ જગતને અનાદિ માને છે અને તેમાં આંતર કાલ ગણવા

* પ્રભુ મહાવીરના અનુયાયિઓમાં પણ વીર નિર્વાણની સાતમી સદીના પ્રારંભમાંજ શ્વેતાંબર અને દિગંબર એવા બે મૂલ ભેદો નીકળ્યા છે. શ્વેતાંબર પક્ષ વીર પરમાત્માના આગમોનો અને પૂર્વાચાર્યના ગ્રંથોનો સ્વીકાર કરે છે. જ્યારે દિગંબર વર્ગ માત્ર પોતાના પૂર્વાચાર્યોના ગ્રંથોને ધર્મસમ્મત માને છે. દિગંબરવર્ગ ગુરૂવર્ગ તરીકે ઉચ્ચ દશાવાળા નગ્ન યોગીને સ્વીકારે છે જેને લીધે તેવા ગુરૂઓનો અત્યારે તદ્દન અભાવજ છે. જ્યારે શ્વેતાંબરોની ગુરૂવર્ગની પંક્તિમાં ઉચ્ચ દશાવાળા નગ્ન કે જીર્ણ વસ્ત્રવાની એમ બન્ને પ્રકારમાં ગુરૂત્માનું સ્થાન છે જે પૈકીના નગ્ન મુનિઓના માર્ગનો તો વીર નિર્વાણની બીજી સદીથીજ લોપ થયેલ છે અને જીર્ણ વસ્ત્રધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે અવસર્પિણી અને ઉત્સર્પિણી નામના દશ કોડાકોડિ સાગરોપમના પ્રમાણવાળા બે વિશાલ માપો દર્શાવે છે જેમાંના એકેકનો કાલ પરિપૂર્ણ થવાને છ આરા લાગે છે. અવસર્પિણી કાલમાં વિભકત છ આરા પૈકીના ત્રીજા આરાના અંતમાં પ્રથમ તીર્થંકર થાય છે.

પ્રથમ તીર્થંકરના નિર્વાણ પછી ૩ વર્ષ અને ૮।। માસ જતાં ચોથો આરો શરૂ થાય છે, આ ચોથા આરામાં બીજા ત્રેવીશ તીર્થંકરો થાય છે અને અંતિમ

---

મુનિયો અત્યારે પણ વિશાલ સંખ્યામાં મોજુદ છે. આ સિવાય મોક્ષ સાધનમાં દીગંબરો પુરૂષ-વર્ગનેજ યોગ્ય માને છે પણ શ્વેતાંબર સિદ્ધાંતો પુરૂષ હો કે સ્ત્રી હો એમ મનુષ્યમાત્રને યોગ્ય માને છે. ઇત્યાદિ અનેક માન્યતા–ભેદો આ બે મૂલપક્ષમાં જોઇ શકાય છે. દિગંબરોમાં પેટા ધર્મ તરીકે પણ મૂલસંઘ, કાષ્ટસંઘ, માથુરીસંઘ, વીશ પંથ વિગેરે અનેક છે.

શ્વેતાંબર સંઘમાં પણ કારણ પરત્વે મૂલનામમાં ફેરફાર થવાથી અનુક્રમે નિગ્રંથ ગચ્છ, કોટિગચ્છ, ચંદ્રગચ્છ, વનવાસીગચ્છ અને વડગચ્છ એ નામાંતરો થયા છે. એટલે નિગ્રંથ ગચ્છના અંતિમ આચાર્યે ક્રોડવાર સુરિમંત્રનો જાપ કરવાથી તે નિગ્રંથગચ્છ કોટિગચ્છ રૂપે થયો છે. આજ રીતે અમુક કારણોને લીધે અંતિમ આચાર્યોથી વડગચ્છ સુધીના નામો બદલાય છે અને તે આચાર્ય નવા ગચ્છના મૂલપુરૂષ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે, પણ અગીયારમી અને બારમી સદીમાં વડગચ્છના ઉપગચ્છો તરીકે—ખરતરગચ્છ અને વિધિપક્ષગચ્છ ( અચલગચ્છ ૧૨૨૧ –સં ) નીકળ્યા છે તેમજ સં. ૧૨૯૩ ના વૈ૦ શુ૦ ૩ ને દીવસે તો વડગચ્છ એવા નામનું પણ રૂપાંતર થયું છે. કેમકે ચીતોડના મહારાણાએ તે દીવસે વડગચ્છના સૂરિપદના ( ઉત્તરાધિકારી ) અંતિમ આચાર્ય મહાતપસ્વી હિરલા જગચ્ચન્દ્રે સૂરિશ્વરને "તપ્પા" એવું બીરૂદ આપ્યું હતું. આખરે તે બીરૂદજ "તપ્પગચ્છ" એવા નામમાં ફરી ગયું. વળી સોળમી સદીમાં શ્વેતાંબર વર્ગમાં પાયચંદ અને લોંકાગચ્છ નીકળ્યા હતા. આ શ્વેતાંબર વર્ગના દરેક પેટા ધર્મમાં અમુક માન્યતામાંજ જુદાઇ રહે છે, બાકી મૂલ તત્વો તો દરેકના સમાન જ છે.

સત્તરમી સદીનો મધ્યકાલ જતાં તો લોંકાગચ્છમાંથી એક સંકુચિત દૃષ્ટિવાળો ઢુંઢીયામત નીકળ્યો છે. જેણે અલ્લાહો અકબરના પડઘાની અસર થવાથી મૂર્તિપૂજાનો નિષેધ કરેલ છે તથા શ્વેતાંબર વર્ગના ૪૫ આગમમાંથી ૩૨ આગમ સ્વીકારેલ છે. તેમાંથી પણ પોતાની સંકુચિત વલણને મળતાં પાઠોને જ તેઓ પૂર્વાચાર્યના સંસ્કૃત પ્રાકૃત ગ્રંથ અને ટીકાઓને માનતા નથી. પણ માત્ર તે ગ્રંથોનાજ ગુજરાતી અવતરણને સ્વીકારે છે. તે સ્યાદ્વાદને સ્વીકારે છે. પણ બૌદ્ધોના શૂન્યવાદ મતની પેઠે પ્રમાણ, પ્રમેય, નિક્ષેપ અને નય તરફ બેદરકારી રાખે છે. તેમ તેના ગુરૂઓ પ્રથમ પગથીયાના અધિકારી પાસે સાતમા પગથીયાની ક્રિયા કરાવે છે. પણ માત્ર તે ગૃહસ્થે "અમુકજ મારા ગુરૂ ઇત્યાદિ" ટુંકી મર્યાદાવાળું સમકિત પલ્લવગ્રાહી કર્યું હોવું જોઇએ.

વળી ઢુંઢીયા મતના ( તેરાપંથી વિગેરે ) કેટલાક રીતરીવાજોથી સખેદ કહેવું પડે છે કે—જૈનેતર વિદ્વાનો " ગૃહસ્થ જૈનોની અહિંસા અનાદરણીય છે " ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ કરે તેવા સંયોગોમાં તેઓએ અહિંસાતત્વનો ઉપયોગ કર્યો છે એટલે યોગી કે ગૃહસ્થની શકય કે અશકય અહિંસાની સ્પષ્ટ વહેંચણી કરી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થંકરના નિર્વાણુ બાદ ૩ વર્ષ અને ૮ાા મહીને ચોથો આરો પૂર્ણ થતાં પાંચમા આરાનો પ્રારંભ થાય છે. આ કાલ ગણુનાના અનુસારે ( વિ૦ સં૦ ૧૯૭૯ માં ) પાંચમા આરાનું ૨૪૮૫ મું વર્ષ ચાલે છે. અત્યાર સુધીમાં ચોવીશ તીર્થંકર થઈ ગયા છે. જેમાંના અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી છે. હવે પાંચમો અને છઠ્ઠો આરો પૂરો થતાં સુધી ચાલુ અવસર્પિણી કાળમાં કોઈ તીર્થંકર થશે નહીં. આ દરેક તીર્થંકરો જન્મ પામ્યા પછી ગૃહસ્થ, યોગી ( છદ્મસ્થ ), અને તીર્થંકર એમ ત્રણ દશા ભોગવે છે અને ત્યાર પછી નિર્વાણ પ્રાપ્ત કરતાં અખંડાનંદી સિદ્ધ થાય છે. જેઓ સિદ્ધ થવાથી પરમાત્મા થયા મનાય છે. દરેક અરિહંતોની તીર્થંકર દશાવાલી મૂર્તિઓની ઉપાસના કરાય છે. જે મૂર્તિઓની ઓળખાણ તેમના રંગ તથા લાંછન–ચિન્હ ઉપરથી થાય છે–તે ચોવીશે તીર્થંકરોના નામ અને ચિન્હો નીચે મુજબ છે.

| નામ | લંછન | રંગ | નામ | લંછન | રંગ |
|---|---|---|---|---|---|
| ૧ ઋષભદેવ | બલદ | પીળો | ૧૩ વિમલનાથ | વરાહ | પીળો |
| ૨ અજીતનાથ | હાથી | ” | ૧૪ અનંતનાથ | સિંચાણો | ” |
| ૩ સંભવનાથ | ઘોડો | ” | ૧૫ ધર્મનાથ | વજ્ર | ” |
| ૪ અભિનંદન | વાંદરો | ” | ૧૬ શાન્તિનાથ | હરણ | ” |
| ૫ સુમતિનાથ | ક્રૌંચ | ” | ૧૭ કુંથુનાથ | બકરો | ” |
| ૬ પદ્મપ્રભુ | કમલપદ્મ | લાલ | ૧૮ અરનાથ | નંદ્યાવર્ત | ” |
| ૭ સુપાર્શ્વ | સાથીયો | પીળો | ૧૯ મલ્લીનાથ | કલશ | લીલો |
| ૮ ચંદ્રપ્રભુ | ચંદ્ર | ધોળો | ૨૦ મુનિસુવ્રતસ્વામી | કાચબો | કાળો |
| ૯ સુવિધિનાથ | મગર | ” | ૨૧ નમીનાથ | કમલ | પીળો |
| ૧૦ શીતળનાથ | શ્રીવત્સ | પીળો | ૨૨ નેમિનાથ | શંખ | કાળો |
| ૧૧ શ્રેયાંસનાથ | ગેંડો | ” | ૨૩ પાર્શ્વનાથ | સર્પ | લીલો |
| ૧૨ વાસુપૂજ્યજી | પાડો | લાલ | ૨૪ મહાવીરસ્વામી | સિંહ | પીળો |

આ રીતે બન્ને દર્શનની કાળમાન્યતા પણ એકમેક અને અલગ અલગ છે.

આ ઉલ્લેખ ઉપરથી સમજી શકાય છે કે જૈન ધર્મ બૌદ્ધધર્મની શાખા નથી. કારણ કે બૌદ્ધ પીટિકાઓજ મહાવીર સ્વામીને બુદ્ધના સમકાલીન અને પ્રચંડ વિરોધિ તરીકે ચીતરે છે. આ માન્યતામાં જર્મન વિદ્વાન ડોકટર હર્મન જેકોબીનો એક ફકરો બહુ ટેકાદાર થશે. તે આ પ્રમાણે છે:—

In conclusion let me assert my conviction that Jainism is on original system, quite distinct and independant from all others, and that, therefore, it is of great importance for the study of philosophical thought and religious life in anci-nt India ( Read in the congress of the History of Religions. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી વીર શિષ્ય ઇંદ્રભૂતિ ગૌતમે નવા પંથ તરીકે બુદ્ધધર્મ ચલાવ્યો. આ કથન પણ પુરવાર થઇ શકે તેમ નથી. કોઇ કહેશે કે બૌદ્ધ કીર્તિમુનિથી બૌદ્ધધર્મ પ્રવર્ત્યો? આ સત્યાંશને મીથ્યા ઠરાવતાં અટકવું પડે છે. કેટલાએક શૈવ ધર્મમાંથી જૈનધર્મ પ્રકટયાનું માને છે. પણ એ પૌરાણિક માન્યતાનો બીજા સમયે ભ્રમસ્ફોટ કરીશ એવી આશા રાખું છું.

ઉપરોક્ત નિબંધના વાંચનથી–મનનથી સ્પષ્ટ થાય છે કે જૈનધર્મ એ પુરાણો સ્વતંત્ર યાને બીલકુલ નીરાલો ધર્મ છે.

—મુનિ જ્ઞાનવિજયજી.

# સદ્ગુણ જ્ઞાનનિધિ-શ્રીમત્સ્થૂલભદ્રજીની સજ્ઝાય.

બોલોનાજી બોલોનાજી સ્થૂલભદ્ર વાલમ પ્રિતલડી ખટકે છે બોલોનાજી. (એ ટેક)

જોગ ધ્યાનમેં જોડી તાલી, હાથ ગ્રહી જપ માલી;
સ્થૂલભદ્ર યોગીશ્વર આગે, બોલો કોશા બોલી. બોલોનાજી૦ ૧
અણ બોલે ઇહાં કેમ સરસે, પ્રેમનો કાંટો ખૂંચે;
આમણ દૂમણી દેખી મુજને, પાડોશી સહુ પૂછે. બોલોનાજી૦ ૨
મા આગળ મોશાલ વખાણ્યો, હું ગુણ જાણું તોહિલા;
એક ઘડી રીસાવી રહેતી, ત્યારે થાતા દોહિલા. બોલોનાજી૦ ૩
એક વાંઝણીને બેટો મ્હોટો, એ સાચું કેમ પ્રીછો;
તેમ વેશ્યાને સંગે આવી, સંજમ રાખણ ઇચ્છો. બોલોનાજી૦ ૪
વાય ઝકોળે ડોલે દીવો, અગનિ ઘી વિઘરાય;
તેમ નારી સંગે વ્રત ન રહે, આખર હાંસી થાય. બોલોનાજી૦ ૫
શૂકા પાન શેવાળને ખાતા, વન વસિયા જે યોગી;
તે પણ નારી દરિસણ દેખી, કામ તણા થયા ભોગી. બોલોનાજી૦ ૬
મુનિવરની મુદ્રા લેઇ બેઠા, વળી ખટ રસ પણ ખાવા;
કોળીના ટોળામાં કુશલે, રતન વાંછે લઇ જાવા. બોલોનાજી૦ ૭
સ્થૂલભદ્ર કહે સુણરે કોશા, કહી સાચી તેં વાણી;
મા મોસાળ એ પદને અરથે, તું મુજ માત સમાણી. બોલોનાજી૦ ૮

છોડોનાજી છોડોનાજી કોશાજી વિષયનાં વચણાં વિરૂવાં. છોડોનાજી૦ (એ ટેક)

ઘટતા બોલ કહ્યા તેં સઘળા, ઉથાપ્યા નવિ જાય;
નવવિધ વાડ રાખે તે મુનિવર, આગમે કહેવાય. છોડોનાજી૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્ર લખિત પુતલડી પણ, નિરખે નહિ સોભાગી;
તો કિમ નિશદિન નારી સંગે, રાચે વડ વયરાગી. છોડોનાજી૦ ૧૦
સરસ આહાર નવિ ખાય મુનિવર, તપ જપ કિરિયા ધારી;
વન મૃગની પરે મમતા મૂકી, વિચરે મુનિ બ્રહ્મચારી. છોડોનાજી૦ ૧૧
કોઇક ભાવી પદારથથી હું, ગુરૂ આજ્ઞા લઇ આવ્યો;
પણ એમ ન રહેવું ઘટે મુનિને, મો મન અરથ એ ભાવ્યો. છોડેનાજી૦ ૧૨
વિષય વિપાક તણા ફલ જાણી, વેશ્યા ! કરીએ દૂરે;
સરલ સ્વભાવ સહી ગણુ આવે; તરીએ ભવજલ પૂરે. છોડોનાજી૦ ૧૩
મીઠી વાણી મુનિવરજીની, કોશાને મને ભેદી;
શિયલ વ્રત અંગે અજુવાળે, વિષયની વેલી છેદી. છોડોનાજી૦ ૧૪
ધન્ય શકડાલ તણો એ નંદન, ધન લાછલદે માય;
**શ્રી શ્રી મહિમાપ્રભસૂરિનો, ભાવ નમે મુનિ પાય.** છોડોનાજી૦ ૧૫ ઈતિ

# શ્રી જયવંતસૂરિ.

( લે૦ મોહનલાલ દલીચંદ દેશાઇ બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ મુંબઈ. )

આ નામના એક કવિ વિક્રમ સત્તરમી સદીમાં જૈન ગુર્જર કવિ થઇ ગયા છે. તેમની એક ગુર્જર કવિતા નામે નેમનાથ સ્તવન ૪૦ કડીનું હમણાં મુનિશ્રી સંપત્‌વિજયના શિષ્ય મુનિ ધર્મવિજયે સંશોધન કરેલું. બીજી બે કૃતિ નામે સંસ્કૃતમાં અજ્ઞાત કવિકૃત નેમિજિનને ઉદ્દેશી લખાયેલું શમામૃત નામનું છાયાનાટક તથા સોમસુન્દરસૂરિએ રસસાગર ફાગ નામનું ગુર્જર કાવ્ય —એ સાથે બહાર પડેલું છે. જયવંતસૂરિના આ અપ્રકટ ગુર્જર સ્તવન પ્રકટ કરવા માટે સંશોધકને ધન્યવાદ ઘટે છે; તે અને કવિના સંબંધે પ્રસ્તાવનામાં લખેલી હકીકત કરતાં વિશેષ હકીકત પ્રયાસ કરતાં સાંપડી શકે તેમ છે, અને તેથી મને જે વિશેષ હકીકત માલૂમ છે તે અત્ર દર્શાવવાનો મારો પ્રયત્ન છે.

આ કવિ પોતાના ગુરૂનું નામ વિનયમંડન જણાવે છે તે યથાર્થ છે. વિનયમંડનની કૃતિ તરીકે મારી સંગ્રહિત કરેલી અને જૈન કૉન્ફરન્સ તરફથી પ્રસિદ્ધ થયેલી જૈન રાસમાળાની પૂરવણીમાં ૫૯૯ માં 'ઋષિદત્ત રાસ'—અમદાવાદનો ચંચળબાઇનો ભંડાર- એ પ્રમાણે જણાવેલું છે, તે ખરૂં નથી, કારણકે તે પૂરવણી મોટે ભાગે જૂદા જૂદા ભંડારોની ટીપ પરથી કરવામાં આવેલી હતી. તે વખતે ઉક્ત રાસ જોવામાં આવેલ નહિ હતો, અને ચંચળબાઇના ભંડારની ટીપમાં તેમ લખાયેલું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ 'ઋષિદત્તા રાસ' ની પ્રત મેં જોયેલી છે અને તેમાં આપેલી પ્રશસ્તિ પરથી સ્પષ્ટ જણાય છે કે તેના રચનાર વિનયમંડનના શિષ્ય આ જયવંતસૂરિ જ છે. તે પ્રશસ્તિ નીચે પ્રમાણે છે:—

**વડતપગછ** સોહાકરૂ હો, શ્રી **વિનયમંડન** ગુરૂરાય;
રત્નત્રય અરાધકા હો, જે જગિ ધર્મસહાય.
જે જગિ ધર્મ સહાય ગુણાકર સુવિહિત નઈ ધુરિ કિધ
તસ સીસ **ગુણસોભાગ** સુનામઈ, **જયવંત સૂરિ** પ્રસિદ્ધ
તેણઈ રસિક જન આગ્રહ જાણી વિરચ્યું સતીચરિત્ત
ઉત્તમ જન ગુણ સુણતાં ભણતાં, હુઈ જન્મ પવિત્ર.
સંવત સોલ સોહામણો હો **ત્રિતાલઉ** ઉદાર
**માગસિર** સુદિ ચઉદસિ દિનઈ હો દીપંતું રવિવાર
દીપંતું વાર સુરોહિણી શશિ વરતઇ વૃષ રાશિ
એ **ઋષિદત્તા** ચારિત્ર વખાણિઉં જયવંતસૂરિ ઊહલાસિ.
નૂન અધિક જે હુઇ આગમથી, મિછા દુક્કડ તાસ
કવિતા વક્તા શ્રોતાજનની, ફલયો દિન દિન આસ.

આ કૃતિનું પૂર ગ્રંથાગ્ર ૯૦૦ છે, તેની પ્રત ૪૯ પાનાની આણંદજી કલ્યાણજીના ભંડાર-પાલીતાણામાં, ૩૫ પાનાની પાલીતાણાની વીરબાઈ પાઠશાળાના ભંડારમાં, ૨૨ પાનાની માંગરોળના ભંડારમાં, ૨૫ પાનાની મુનિ ગુલાબવિજયજીના ભંડારમાં, ૧૯ પાનાની એ પ્રતો લીંબડીના ભંડારમાં મેં જોઈ છે. આ ઉપરાંત અમદાવાદના ડેહલાના અપાસરાના ભંડારમાં તેમજ ચંચળબાઈના ભંડારમાં તેમજ ખંભાતના ભંડારમાં આની પ્રત હોવાનું તે તેની ટીપપરથી જણાય છે.

આ પ્રશસ્તિ પરથી જણાય છે કે પૂર્વના ગુરૂ વિનયમંડન વડતપગચ્છના હતા. તેમજ વડતપગચ્છ કે જેમાં આ કવિના સમકાલીન કવિવર નયસુન્દર થઈ ગયા. (જુઓ આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક છઠ્ઠું—નયસુન્દર પર મારો પ્રસ્તાવમાં લેખ); વિશેષમાં જયવંતસૂરિનું બીજું નામ ગુણસૌભાગ્ય હતું, અને તેમણે સં૦ ૧૬૪૩ ના માગશર શુદ ૧૪ ને વાર રવિવારને દિને ઋષિદત્ત રાસ સંપૂર્ણ કર્યો. વળી કવિ પ્રારંભમાં સરસ્વતીની સ્તુતિ કરતી વખતે જણાવે છે કે પોતે આ કૃતિ પૂર્વે કરેલાં ચરિત્ર ઉપરથી રચી છે. તે સ્તુતિ આ પ્રમાણે છે:—

શાસનસોહ કરી સદા, શ્રી વિદ્યા શુભરૂપ,
તે મન સમરૂં જેહને, સેવે સુરનર ભૂપ.
મિઠાઈ મુઝ વાણીએં, તેં દીધી છે ચંગ,
વળી વિશેષેં વિનવું, દિએ રસ રંગ અભંગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋષિદત્તા નિર્મલ થઈ, તે નિજ સત્ય પ્રમાણ,
તસ આખ્યાન વખાણવા, દિઇ મુઝ નિર્મલ વાણિ
કવિતા મહિમા વિસ્તરે, ફલીઈ વક્તા આસ,
શ્રોતા અતિ રંજે જિણે, સો દિઈ વચન વિલાસ.
વિવિધ પરે કેલવણ, નિજ રમતિ અનુસાર,
તુઝ પય કમલ પ્રસાદથી, જગિ વાણી વિસ્તાર.
પૂર્વે છે સુકવેં કર્યાં, એહનાં ચરિત પ્રસિદ્ધ,
તો હુઇ રસિક જના ગ્રહે, એ મેં ઉદ્યમ કીધ.
કેવલ લહી મુકતેં ગઈ, કીધ કલંકહ છેક ( છેદ ),
તે ઋષિદત્તા સૂચરિતં, સુણયો સહુ સુવિવેક.

કવિની આ મુખ્ય અને મોટી કૃતિ એકજ હાથ લાગી છે. આ તથા ઉપરોક્ત પ્રગટ થયેલ નેમિજિન સ્તવન સિવાય બીજી બે નાની કૃતિઓ જણાઇ છે. એકતો ૩૭ કડીનો સીમંધર સ્વામી પર લેખ એટલે કાગળ રૂપે સ્તવન છે, અને બીજું ૭૭ કડીનું નેમિરાજુલ બાર માસ વેલ પ્રબંધ એ નામનું લાંબુ ગુર્જર કાવ્ય છે. તે પૈકી સીમંધર સ્વામીના સ્તવન આદિ અને અંત નીચે પ્રમાણે છે:—

## રાગ સામેરી

સ્વસ્તિ શ્રી પુંડરગિણી, મોરો સુગુણ સીમંધર સ્વામી
મુખ બોલતાં અમૃત ઝરે, મનોહર મોહન નામ
ગુણ કમલ તોરે વેધીઓ, મન ભમર મુઝ રસ પૂરિ
તુઝ ભેટવા અલજો ઘણો, કિમ કરૂં થાનિક દૂરિ રે
વાહલા તૂં પરદેસેં જઈ રહિઉ
દૂરિં નયન મેલાવડો રે, વાહલા તૂં. ૧
સાધુ શિરોમણી જાણીએ તો, શ્રી વિનયમંડણ ઉવઝાય રે,
તાસ સીસ ગુણ આગલો તો, બહુલા પંડિત રાય રે. ૩૬ એહવારે૦
આસો શુદિ પૂનિમ દિને તો, શુક્રવાર એકાંતે રે
કાગલ જયવંત પંડિતે તો, લિખીઓ માઝિમ રાતિ રે–૩૭
એહવા રે ગુણ તુમ તણા—.

આની પ્રત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીની પાસેથી તેમજ માંગરોળના ભંડારમાં ત્રણ પાનાની મેં જોયેલી છે, આમાં રચ્યાનો માસ તથા તિથિ વાર આપેલ છે, પણ સંવત નથી આપ્યો તો તે સંવત્ પંચાંગમાંથી જેમાં તે માસ તે તિથિ અને તે વાર જણાય તે પરથી નિર્ણિત થઇ શકે તેમ છે. નેમિરાજુલ બાર માસ વેલિ નામની કૃતિના પ્રારંભ અને અંત આ પ્રમાણે છે.—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### રાગ મલ્હાર. ધૂરિ દૂહા.

વિમલ વિહંગમ વાહિની, માતા ધઉ વરદાન,
દ્વાદસ માસ સોહામણા, ગાઉં જિન ગુણ ગાન. ૧
વેધક જન મન રીઝવઈ, માનનિ મોહણ વેલિ,
ગુણ સોભાગ સોહામણી, વાણી ધઉ રંગ રેલિ. ૨
મુગતિ માનિની મનિ ધરી, રાજુલિ છંડિ નેમિ
પિઉ વિછુરત ભોજકુંયરિકું, વિરહ દહઇ જિઊ નેમિ. ૩
બાર માસ ગુણ જિણ તણા હો, ગાતાં મ કરો પ્રમાદ,
ઋદ્ધિ અનંતી આગ મિઇ હો, સુણતાં હુઈ આલ્હાદ.

### ત્રૂટક

સુણતાં હુઈ આલ્હાદ સદાઈ, જિણ ગુણ અતિહિં રસાલ,
મનનઇ ભાવિ તેહજ ભણતાં, દિન દિન મંગલમાલ,
શ્રી વિનયમંડન ઉવઝાય અનોપમ તપગછ ગયણે ચંદ,
તસુ સીસ જયવંત સૂરિવર વાણી સુણતાં હુઈ આણંદ. ૭૭

આની પ્રત ગણિ ઋદ્ધિસુંદર લિખિતં શ્રી મસૂદા નગરે સંવત્ ૧૭૦૯ વર્ષે, એક પાનામાં ૨૧ પંક્તિવાળાં ત્રણ પાનાં વાળી સ્વ૦ વિજયધર્મસૂરિ પાસે નોંધાઇ હતી અને લીંબડીભંડારમાં ૧૭ પંક્તિનાં ચાર પાનાં વાળી પ્રત મેં જોયેલી છે. અને તેમાં ગ્રંથાગ્ર શ્લોક ૧૭૫ એમ જણાવેલું છે.

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

( ગતાંક પૃષ્ટ ૧૨૯ થી શરૂ )

મંત્રીરાજ પોતાના સ્વામીના હુકમથી રાજ્યના કામે ખંભાત આવ્યા. ત્યાં સિદ્દીક નામનો ધનાઢ્ય મદાન્ધ પુરૂષ રહેતો હતો. તે ગરીબ ઉપર અન્યાય કરતો હતો છતાં કોઈ તેને કાંઇ કહી શકતું નહોતું અને એટલો બધો અભિમાની હતો, કે રાજાઓને પણ હિસાબમાં ગણતો નહોતો અને ખંભાતમાં આવનાર નવા અધિકારીને પણ સિદ્દીકને ત્યાં મળવા જવું પડતું હતું. ભરૂચના રાજા શંખ સાથે તેને મિત્રતા હતી.

એક વખત વસ્તુપાલ મંત્રીએ તેણે કરેલા એક અપરાધની બાબતનો નિર્ણય કરવા બોલાવ્યો, છતાં મંત્રીરાજ તથા રાજા વીરધવલનો તિરસ્કાર કરવામાં તેણે બાકી રાખી નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુપાલે રીતસર ફરી કહેવરાવ્યા છતાં તેમની સર્વ વાતનો અનાદર કર્યો; તેટલુંજ નહીં પરંતુ પોતાના મિત્ર શંખ રાજા પાસે મંત્રીરાજની નિંદા કરી. શંખ રાજા અને વસ્તુપાલની વચ્ચે લડાઈ થઈ જેમાં વસ્તુપાળે વિજય પ્રાપ્ત કર્યો અને શંખની હાર થવાથી તેના ખજાનામાંથી ઘણુંજ દ્રવ્ય મળ્યું. આમ છતાં સિદ્દીક વસ્તુપાળનું અપમાન કરતોજ રહ્યો, જેથી મંત્રીજીએ પોતાનું સૈન્ય સાથે લઇ સિદ્દીકને ઘેર જઇ ઘેરો ઘાલ્યો.

વસ્તુપાળના પોતાના પુણ્ય બળથી પોતાની પાસે સાધન પણ પુરૂં હતું. ૧૮૦૦ સુભટો તે બંને બંધુઓના અંગરક્ષક હતા. ૧૪૦૦ સામાન્ય રજપૂતો બીજા દરજ્જાના હોઈ વિજય પ્રાપ્ત કરી શકતા હતા. ૫૦૦૦ નામી ઘોડા, ૨૦૦૦ ઉત્કૃષ્ટ ગતિવાળા પવનવેગી અશ્વો, ૩૦૦ દુઝણી ગાયો, ૨૦૦૦ બળદ, હજારો ઉંટો અને હજારો ભેંસો દુધ આપનારી હતી. ૧૦૦૦૦ નોકર ચાકર હતા. ત્રણશેં હાથી તો રાજા તરફથી ભેટમાં મળેલા હતા. પોતે સમજતા હતા કે રાજકર્મચારી ગૃહસ્થનું જીવન પૈસાપર નિર્ભર હોય છે, જેથી ચારક્રોડ અસરફી આઠ, કરોડ મુદ્રા હમેશાં પોતાની પાસે રોકડ રાખતા હતા.

પુણ્ય કરવાથી પુણ્ય વધે છે એમ તેઓ માનતા હોવાથી દીન દુ:ખી જનોનું પોતાના કુટુંબ પ્રમાણે પાલન કરતા હતા. દીન, દુ:ખી, આર્ત, વગેરેના ઉદ્ધાર માટે દરરોજ ૧૦૦૦૦ દ્રમ્મ ખરચ કરતા હતા. મંત્રીરાજના સુભટોએ સિદ્દીકના સામા જઇ તેના સુભટોને મારી પીટી સીદ્દીકને કેદ પકડી મંત્રીને હવાલે સોંપ્યો. અને પોતાના સુભટોને હુકમ કર્યો કે તેની અન્યાયી કુલ સંપત્તિ લઇ રાજદરબારમાં દાખલ કરો. જેથી તેના ઘરમાંથી ૫૦૦૦ સોનાની ઇંટો, ૧૪૦૦ ઘોડા તેમજ રત્ન, મણી, માણેક વગેરે સારી સારી ચીજો દરબાર દાખલ કરીને કોઈપણ ગરીબને હવે પછી અન્યાય નહીં કરવા, તેમજ રાજ્યનું અપમાન નહીં કરવું તેવી શરતે સિદ્દીકને છોડી દીધો.

જ્યારે મંત્રી ખંભાતમાં આવ્યા હતા ત્યારે તેમના આવતા પહેલાં કોઈ દેવીએ સિંહપર બેસી આકાશમાં રહી નગરના લોકોને જણાવ્યું હતું કે, વસ્તુપાળ, તેજપાળ ન્યાયના પક્ષપાતી, ધર્મમૂર્તિ છે, દીનજનોના બંધુ અને પ્રૌઢપ્રતાપી છે, જેથી તેની કોઈએ અવગણના કરવી નહીં. જેથી જે રાજા, મહારાજા તથા સુભટોએ આ દેવવાણી સાંભળી તેમણે વસ્તુપાળ-તેજપાળને અનેક ભેટો મોકલી. ત્યારબાદ મંત્રીરાજ ત્યાંના કાર્યથી નિવૃત્ત થઇ ધોલકા પહોંચ્યા, જેથી પૂર્વ સંચિત શુભ કર્મના યોગથી **શ્રી નયચંદ્રસૂરિજી** મહારાજ ગ્રામાનુગ્રામ વિચરતા ધોલકા પધાર્યા. તે વખતે મંત્રીરાજ સપરિવાર ગુરૂવંદન કરવા ગયા. સૂરિજીએ ધર્મદેશના આપી જેમાં દાનધર્મની ઘણીજ પુષ્ટિ કરી. **સુપાત્રદાન-અભયદાન-ધર્મોપષ્ટંભદાન** એ ત્રણે પ્રકારના દાનનું એવું સરસ વર્ણન કર્યું કે જેથી ભિક્ષાચરોને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાન દેવાની ઇચ્છા થાય. આ ઉપદેશથી વસ્તુપાળને પણ શ્રદ્ધા થઈ ગઈ કે લક્ષ્મીનું **આભરણ દાન** છે. અને તેને બંને ભાઇઓએ સફળ પણ કરી બતાવ્યું. અનેક દાનશાળા કે જ્યાં સદાકાળ અન્નપાણી અપાય તેવી ઉઘાડી. રસોયાને પણ હુકમ કર્યો કે સર્વ જીવાત્મા અમારે સમાન છે, માટે જેથી યાચક ગમે તેવી હાલતમાં આવે તેમને મોઢે માંગી વસ્તુઓ ખવરાવવી. ગાયો વગેરે ચોપગા જનાવરો, કબુતર વગેરે પક્ષીઓ સર્વ જીવોને દાન આપો. મનુષ્યોની વિશેષ ભક્તિ કરો, કારણકે તેના જીવવાથી તે અન્ય જીવોનું રક્ષણ કરશે. સર્વ જીવોને અન્ન શુદ્ધ કરી ખવરાવો, પાણી ગળીને પાઓ. સાર્વજનિક દવાખાનાં ખોલી તેમાં વિદ્વાન વૈદ્યો દાખલ કર્યા. બીમારની સારવાર માટે તેમાં નોકરો રાખ્યા. જનાવરોની પણ ચિકિત્સાના સાધનો બનાવ્યા. અને દવાખાનાના નોકરોને આજ્ઞા કરી કે અલ્પ આરંભથી ઔષધીઓ તૈયાર કરવી. મતલબકે ધર્મ સાચવીને દરેક કાર્યો કરવાની રજા આપી. બંને બંધુઓએ તે તમામ ખાતા ઉપર દેખરેખ રાખવા માંડી. નવતત્ત્વના ત્રીજા પુણ્ય તત્ત્વમાં જે નવ પ્રકારો પુણ્યબંધના બતાવ્યા છે તે તમામ પ્રકારોએ મંત્રીરાજ વસ્તુપાલ, તેજપાલ પુણ્ય બાંધવા લાગ્યા, શરદીના વખતમાં લાખો રૂપીયાના કપડા ગરીબોને આપતા હતા. મુનિમહારાજાઓને શુદ્ધ નિર્દોષ કલ્પનીય આહાર, વસ્ત્ર આપવાનું તો તેનું પરમ કર્તવ્યજ હતું. જ્યાં સાંભળવામાં આવે કે મનુષ્ય અને પશુ માટે પાણીની તંગી છે, ત્યાં તત્કાળ કુવા, તળાવ કરાવી ખોટ પુરી પાડતા હતા. મંત્રીરાજે હજારો જળાશયો નવા ખોદાવ્યા, અનેક રીપેર કરાવ્યા. હજારો ધર્મશાળાઓ બંધાવી.

વસ્તુપાળ, તેજપાળના અનુપમ ચરિત્ર માટે **કીર્તિકૌમુદિ, સુકૃત સાગર, વસંત વિલાસ,** વસ્તુપાળ તેજપાળ પ્રશસ્તિ વગેરે અનેક ગ્રંથો છે, જે જોવાથી જણાય છે કે વસ્તુપાળ, તેજપાળ ખરેખર ધર્મરત્ન હતા અને ધર્મ માટે તન, મન, ધન કુરબાન કરી દેતા હતા. વળી બારવ્રતધારી શ્રાવક હતા. પંચમી તપ, વીશ સ્થાનક તપ, અને ચૌદશી તપ નિરતિચારપણે પૂર્ણ કર્યા હતા. વસ્તુપાળને **લલિતા દેવી અને સૌખ્યલતા** નામની બે સ્ત્રીઓ હતી. લલિતાદેવીએ નવકાર મંત્રના તપની આરાધના કરી હતી અને સૌખ્યદેવીએ નવકાર મંત્રનો કોટિ જાપ કર્યો હતો.

નવકાર મંત્રની આરાધના વિધિ આ પ્રમાણે છે. નવકાર મંત્રના ૬૮ અક્ષરો છે. જેમાં પ્રથમ “ **નમો અરિહંતાણં** ” ના સાત અક્ષરો છે તો સાત ઉપવાસ કરવાથી પ્રથમ પદની આરાધના થાય છે. બીજા “ **નમો સિદ્ધાણં** ” પદના પાંચ અક્ષરો છે તેથી પાંચ ઉપવાસો કરવાથી તે પદની આરાધના થાય છે. એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બે માસ અને સોળ દિવસમાં આ તપ પુરો થાય છે. તેમાં ૬૮ ઉપવાસ અને ૮ દિવસ પારણા આવે છે.

તેજપાળ મંત્રીની સ્ત્રીનું નામ **અનુપમાદેવી** હતું. તેમણે પણ **નંદીશ્વર તીર્થ તપ** આદિ અનેક તપ કર્યા. અને અનેક જૈનાચાર્યોને આમંત્રણ કરી પોતાની તપસ્યાના ઉજમણા કર્યા હતા. વસ્તુપાળ, તેજપાળે સિદ્ધાચળજી, ગિરનારજી, તારંગાજી, પાવાગઢ, આબુજી, સંમેત્ત શિખરજી, આદિ તીર્થો પર જિન મંદિર બંધાવ્યા છે.

માલવામાં આવેલા સાચોર નગરમાં મહાવીર પ્રભુની યાત્રામાં તેજપાલ મંત્રીએ લાખો રૂપિયા ખરચ્યા છે. એ તીર્થમાં જે ચરમ તીર્થંકરની પ્રતિમાજી છે તેની પ્રતિષ્ઠા વીર નિર્વાણના સીતેર વર્ષ પછી શ્રી **રત્નપ્રભસૂરિજી**એ પોતાના હાથે કરાવેલી છે કે તે વખતે અનેક શાસન પ્રભાવક સાધુ શ્રાવકો ત્યાં આવ્યા હતા સિદ્ધાચળજી, ગિરનારજીની ૧૨ યાત્રા મોટા મોટા સંઘ કાઢીને કરી હતી. અનેક મુનિરાજોને સૂરિ પદ અપાવ્યા. દરેક વર્ષમાં ત્રણ વખત સાધર્મીવાત્સલ્ય કરતા હતા.

એક વખત શ્રી નયચંદ્રસૂરિ મહારાજે મંત્રીઓને સૂચના આપી કે વાદળાંની છાયા માફક મનુષ્યની સંપત્તિ સ્થિર રહેતી નથી, તેટલામાટે લોકોપકારી કામ કરી પોતાનું નામ અમર બનાવવું તે તમારૂં પરમ કર્તવ્ય છે. તમે બંને આટલી હદે પહોંચ્યા છતાં તમારા સાધર્મી ભાઇઓ ભૂખે મરે તે આંખોથી જોઇ શકતા નથી ? અરે ભાગ્યવાનો ? વિચાર કરો. સૂરિજીનો આ ઉપદેશ સમયોચિત હતો. અત્યારના મહાપુરૂષોનો દ્રષ્ટિપાત આ વિષયમાં પણ કેટલો મહત્વનો છે ? ગુરૂ મહારાજનો અપૂર્વ ઉપદેશ સાંભળી મંત્રીરાજોએ અભિગ્રહ ધારણ કર્યો કે— સમાનધર્મી શ્રાવક શ્રાવિકાઓના ઉદ્ધારમાં દરવર્ષે અમારે એક કરોડ દ્રમ્મ ઓછામાં ઓછા અવશ્ય ખરચવા.

હવે એક વખત સૂરિ મહારાજનો પત્ર આવ્યો તેને ગુરૂપ્રસાદ સમજી આદર પૂર્વક માથે ચડાવી વાંચી સકળ કુટુંબને હર્ષ સહિત સંભળાવ્યો. તે પત્રમાં કેવા પ્રકારનો ઉપદેશ અને આજ્ઞા હતી તે હવે પછી આપીશું. ( ચાલુ )—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક રમુજી સંવાદ.

( લેખક—મુનિ ન્યાયવિજયજી. )

પવન મંદ મંદ વહી રહ્યો છે. ભગવાન સવિતા નારાયણ પોતાના બાલ અને તિક્ષ્ણ કીરણોને પૃથ્વી ઉપર ફેંકી તે દ્વારા તેની લાલ સાડી ખેંચી રહ્યો છે. મદીંરોમાં ઘંટાના રણકાર થઈ રહ્યા છે, સાધુઓ પોતાની પ્રાતઃક્રિયામાંથી નીવૃત્ત થઈ અભ્યાસની ધુન મચાવી રહ્યા છે, તે વખતે મોક્ષમાર્ગના મુખ્ય સ્તંભ સરખા **દાન શીલ તપ અને ભાવ** એ ચારે જણા એક ખુલ્લા મેદાનમાં–કે જયાં નજીકમાં ત્રિલોકના નાથ **શ્રી જીનેશ્વરદેવ** શોભી રહ્યા છે, ત્યાં એકઠા થઇ પોતપોતાનાં યશોગાન ગાતા હતા. તેઓ યશોગાન ગાતાં ગાતાં આત્મશ્લાઘાઉપર આવી ગયા. અને છેવટે તેઓનો વાદવિવાદ પણ શરૂ થયો.

તેઓના વાદવિવાદનું મુખ્ય કારણ માત્ર તેઓનું અભીમાન હતું, તેઓ દરેકનું એવું મંતવ્ય છે કે જગતમાં બીજા કરતાં પોતાના ગુણો ચમત્કારિક સત્તા અને મોક્ષદાયક પ્રભાવ વધારે મહત્તાવાળા હોવાથી પોતેજ ઉંચ્ચ સ્થાન ભોગવવાને વધારે લાયક છે, તેઓમાં પોતાની મહત્તાને સ્થાપન કરતાં દાન કહે છે કે,

**दान**—જગતમાં દરેક જીવોને મૂક્તિમાર્ગે જવા મુખ્યત્વે હુંજ કારણભુત છું. બાકી શીયલ, તપસ્યા કે ભાવ તમે બધા મારા સહચારી છો. કોઈ જીવમાં તાકત નથી કે મારા સિવાય તે સિદ્ધો મોક્ષે જઈ શકે. આ વિશ્વમાં મારી સત્તા–પ્રતિભાનું સ્થાન બીજા કરતાં કોઈ અનેરૂં છે.

આ અભીમાની વાણી શિયલને રૂચિ નહીં, તે તડાકો કરતાં બોલવા લાગ્યું કે,

**शील**—અરે દાન ! બેસ બેસ. એટલી બધી શેખાઇ શાની કરે છે ? જો હું ન હોઉં તો સારા આબરૂદાર મનુષ્યની ગમે તેવી આબરૂ પણ કોડીની છે. ભલે મનુષ્ય ગમે તેવો દાતા હોય પરંતુ જો તે મારો અનુયાયી ન હોય તો તેનાં **મહત્તા, યશ કે પ્રભાવ** આછાં થઈ જાય છે. પંડિત કે મૂર્ખ, તવંગર કે ભીખારી અને રાજા કે રંકને પણ મારી ખાસ જરૂર પડે છે. અને મારાથીજ તેની મહત્તા તપે છે.

આ શબ્દોથી તપ પણ શેનો મૌન રહી શકે.?

**तप**—અરે ! તમો બન્ને આપબડાઈ કરી ફોકટ શું કુલાઓ છો ? શું તપસ્યા વિના કોઇ જીવ મોક્ષમાં જઇ શકે ખરો ? ના ના ? એમ બનતું નથી. જીવને ગમે ત્યારે પણ તપસ્યા કરવીજ પડે છે. **'યોગી, જતિ, તપસ્વી કે સંન્યાસીઓ જંગલો સેવી અનન્ય ભાવથી મારી સેવા આદરે છે '** તેઓ મારા સા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મથ્થ ઉપર નીર્ભય રહીનેજ તેમ કરવા મથે છે. વળી મનુષ્યના ગમે તેવા કઠિણ કર્મો હોય તે પણ મારા પ્રભાવથી ગળી જાય છે, માટે મુક્તિમાર્ગનું અઠંગ કારણ હુંજ છું.

આ ગર્ભ ભર્યા વચનોથી છંછેડાઇ ત્રણેપર કરડી નજર નાખતો ભાવ શાંત રહી શકયો નહીં. તે બોલ્યો કે,

**भाव**—અરે ! તમે બધા ફોકટની ધમાલ કરો છો ! ખરી રીતે તમારા બધા કરતાં હુંજ મુખ્ય છું મારા સિવાય તમે ત્રણે શું કામના ? " જેમ એકડા વિનાના મીંડા નકામા છે, તેમ ભાવ વિનાના તમો ત્રણ પણ કાંઇ ફળ આપવા સમર્થ નથી." દાન શીલ અને તપ ભાવ વિનાનાં સંપૂર્ણ ફલ આપનાર નથી–બલ્કે ત્રણે નીષ્ફલ છે.

ઉપરોક્ત વાદવિવાદથી દાનને પોતાનો હક લુંટાઇ જવાનો ભય લાગ્યો. તેને સાથેના ત્રણે ઉપર રોષ છૂટ્યો.

**दान**—રે શિયલ તપ અને ભાવ ! તમારા બધામાં કોઇ મારૂં મહાત્મ્ય જાણનાર નથી, એટલેજ મારાથી મોટા થવા ઇચ્છો છો. પરંતુ હવે તો મારો પ્રભાવ સાંભળતાં વારજ તમારા દરેકનું માન ગળી જશે. મારા પ્રભાવથી શાલિભદ્ર જેવો ભોગી પણ ધ્રુવના તારા સમાન એકલા અટલ શોભી રહેલ મોક્ષને પામ્યો.–મોક્ષગામી થયો. એતો ત્રણ જગતમાં સુપ્રસિદ્ધ છે. મારો આવો અદ્‌ભુત પ્રભાવ હોવા છતાં તમો મારાથી મોટા થવા મથો છો ! એતો નર્યો અન્યાયજ છે.

શીયલ પણ પોતાના પ્રભાવને કાંઇ ઉતરતો માનતો નહતો કે તે દાનનાં ગર્વ ભર્યા વચનો સાંભળી રહે.

**शीयल**—અરે દાન ! માત્ર તને મારો પ્રભાવ શ્રુતિગોચર થયો નથી ત્યાં સુધીજ આ બડાઇ મારે છે–અને ગર્વભર્યા વચન બોલે છે. પરંતુ જ્યારે તું મારી સત્તા કે પ્રભાવ સાંભળીશ કે તરત બોલતો બંધ થઇ જઇશ. કદીપણ નહીં બનેલાં કાર્યો મારા પ્રભાવથી થયાં છે–થાય–છે ને થશે.

સુદર્શન શેઠને શુલીનું સિંહાસન થવામાં માત્ર મારોજ કટાક્ષપાત હતો. અચલ મેરૂ પણ ધણધણે, સમુદ્ર પણ મર્યાદા મૂકી ખલભલે, અને સૂર્ય પણ અસ્તાચલમાંથી આકાશપટમાં હાજરી આપે. પરંતુ મારી ઉપાસના કરનારતો નિમકહલાલ પણે મારી સેવા નથી મૂકતો. અંતે મારી સેવાથી તે ત્રણે જગતમાં પ્રસિદ્ધિને પામે છે. અરે, એકલી પ્રસિદ્ધિજ નહીં કિન્તુ '**ધ્રુવના તારા સમાં અડગ** અને ઉચ્ચ અમર સ્થાનને ભોગવે છે.' " માત્ર બાવીશસો વર્ષની પાછળ જોતો મારો અમર આત્મા ભરવેગમાં જગમગે છે, કામીઓના માન રૂપી હસ્તિનું મર્દન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનાર કરાલ વર્ષાઋતુ હોવા છતાં, **હાવભાવ અને પ્રેમથી** લયલીન બનેલી, મદમાં **છલકતી અને** રૂપમાં **અપ્સરા** સરીખડી **કોશા વેશ્યા પોતાની દૃષ્ટિ** સન્મુખ હોવા છતાં અને અનેક મદન દીપક વિલાસોની ચિણગારી ભભકતી હોવા છતાં પણ પારકાની સહાય વિનાજ, રતિપતિરાજનો પરાજય કરી વિજય વાવટો ફરકાવનાર એ સ્થુલિભદ્રવીરને ધન્ય છે." તેમણે આ જગતમાં ચોરાશી **ચોવીશી સુધી પોતાનું નામ અમર** કર્યું છે, એ પણ મારો જ પ્રભાવ છે. મારાથી મનુષ્યની કીર્તિરૂપી સ્ત્રી ચારે દિશામાં ભમી અમર સ્થાનને ભોગવે છે, અને તેનો આત્મા સંસારમાં ભમ્યા વિનાજ અચલ સ્થાનને ભોગવે છે. બેશક આ સાંભળીને તમો મારી ઉત્તમતા વિષેનો મારો દાવો સત્ય હોવાનું કબુલ રાખશો એ નિઃસંશય છે.

તપની જીભમાંતો ક્યારની ચટપટી થઇ રહી હતી, પોતાને બોલવાનો વખત નહીં મળવાથી અત્યારસુધી તે મૌન હતો.

**तप**—અરે નાદાન દાન ! અને અરે શીયલ ! તમારી બુદ્ધિ કામ કરી શકતી નથી. નહીંતો તમો બન્ને એમ કેમ ન માનો કે અમારા કરતાં પહેલો નંબર તપનો છે શું ? મારો પ્રભાવ ઓછો છે ? મારાથી અસ્થિર હોય તે સ્થિર થાય છે, વક્ર પણ ઋજુ થાય છે. ગમે તેવું દૂર્લભ કાર્ય પણ સુલભ થાય છે અને દુઃસાધ્ય સુસાધ્ય બને છે " અગ્નિ જેમ લાકડાના ઢગને બાળી નાખે છે તેમ હું પણ અનન્ત ભવોમાં એકઠું કરેલ દુર્જર કર્મ પણ ક્ષણવારમાં ભસ્મસાત્ કરૂં છું, " *બાહ્ય અને અભ્યંતર તપસ્યા રૂપી અગ્નિ તપતાં સાધુઓ ક્ષણવારમાં દુર્જર કર્મોને બાળી નાંખે છે-કાપી નાખે છે. દરેક જીવોને કર્મોનો નાશ અવશ્ય કરવો પડે છે, તેને માટે બે રસ્તા છે.

---

* अणसणमूणोअरिआ वित्तीसंखेवणं रसच्चाओ कायकिलेसो संलीण यायँ वज्झो तवोहोइ-॥

पायच्छितं विणऐ वेयावच्चं तहेवसज्झाओ झाणं उस्सगोविअ आभिंतरओ तवो होइ ॥ नवतत्त्व-३ ६-३ ७

**અર્થ**—અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, લોચાદિક દેહકષ્ટ, અંગોપાંગ દેહાવયનોકાણુ. આ ૭ પ્રકારનો બાહ્ય તપમાં સમાવેશ થાય છે.

પ્રાયશ્ચિત્ત, વિનય, સેવા, અધ્યયન, ધ્યાન અને ઉપસર્ગોની સહનશીલતા આ ૭ ભેદે અભ્યંતર તપ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંતો કર્મોને [1]અનુભવિને (વેદિને) અથવા તપસ્યાથી કર્મો ખપાવાય છે. અને કુમાર્ગે ચડેલા જીવને લાગેલા પાપ ગુરૂએ આપેલા પ્રાયશ્ચિત્તથી ખપાવી શકાય છે. બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયની હત્યા કરનાર **ઘોર પાપી દ્રઢપ્રહારી જેવા અધમ નર રાક્ષસો** પણ મારી સેવા કરવાથી નરકના અતિથી બનવાને બદલે **મોક્ષમાં ગયા છે.** આ પણ મારોજ પ્રતાપ.

મહાશય ભાવને પણ આ ધમાલમાં પોતાનું ઇંદ્રાસન ડુલી જવાનું સ્વપ્ન આવ્યું હતું. પોતાનો હક્ક સાચવવાના પ્રયત્નમાં કોણ પાછી પાની કરે ?

**ભાવ**—અરે મિત્રો ! તમો ખોટો બબડાટ કરો છો. મારે લીધે જગતમાં તમારી મોટાઇ છે, મારી શુદ્ધિ અને પ્રભાવમાંજ તમારી શુદ્ધિ અને પ્રભાવ સમાયેલાં છે–શોભે છે. તમો મારે લીધેજ મોટાઇ પામી મારાથી મોટા માનવામાં લગારે લાજતા પણ નથી ? " જેમ આત્મા વિનાનું શરીર, ફલ વિનાનું કુલ અને પાણી વિનાનું સરોવર શોભતા નથી, તેમ મારા સિવાય (ભાવવિના દાન, શીયલ કે તપ લગારે શોભતાં નથી. " " ઘણું ઘણું દાન આપ્યું, ઘણાં શાસ્ત્રો ભણ્યાં, બહુ બહુ ઉગ્ર ક્રિયાઓ કરી, નિરંતર ભૂમિ ઉપર શયન કર્યું, ઘણી ઘણી તીવ્ર તપસ્યાઓ આદરી, કઠિન ચારિત્ર પણ સેવ્યું છતાં આ દરેક ક્રિયા કરતાં હૃદયમાં ભાવનું પ્રાધાન્ય ન હોય તો તે ફોતર્યાંને ખાંડવાની જેમ નિષ્ફળ છે." (જેમ ફોતરાને ખાંડવાથી કે વાવવાથી કાંઇ ફલ મળતું નથી તેમ ભાવ વિનાની બધી ક્રિયા ફોતરા જેવી હોવાથી તે માટે કરેલો પ્રયત્ન ફોકટ થાય છે એવો આશય આ કથનમાં સૂચવેલ છે) વળી અનેક રાજા મહારાજાઓને પોતાના ચરણમાં નમાવનાર કેટલાકોને ભૂચાટતા કરનાર, કેટલાક શૂરવીરોની જયકીર્તિને ભૂમીમાં ભૂંસી નાંખનાર યુદ્ધના મેદાનમાં અનેક જીવોનો પરાજય કરતાં પાછી પાની નહીં કરનાર, સંસાર-સાગરમાં મોહના મજબુત પાશલાથી ઝકડાયેલ **ભરતચક્રવર્તિ** પણ મારા આશ્રયથી પ્રલયકાલનાં ઉછળતાં મહોદધિનાં મોજા સરખાં પાપોનો એક ક્ષણવારમાં નાશ કરી, મોહના બંધનને તોડી, સંસાર સાગરમાંથી નીકળી ઉજ્વલ અદ્વિતિય જ્ઞાન પામી મોક્ષે ગયા. બોલો ! આ મારો ઓછો પ્રતાપ છે ?

પોતપોતામાં મોટાઇના ઝાંઝવા દેખનાર શીયલ તપ અને ભાવના ગર્વિત વચનો સાંભળીને દાન ગંભીરતાથી ફરીવાર બોલવાને તત્પર થયો.

---

૧ સીમંધર સ્વામીના વચનમાં આ કથનની પુષ્ટિ નીચે મુજબ છે.

पावाणं चखलभोकडाणंकम्माणं पुव्विंदुच्चिण्णाणं दुप्पडिकंताणं वेइत्तामुक्खो, नथ्थिअवेइत्ता० तवसावा झोसइत्ता.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દાન**—અરે હજી પણ તમો મારા સત્ય પ્રભાવથી અજ્ઞાત છો ! નહીં તો કદાપી મારાથી મોટા થવાની કૃતઘ્નતા ન કરત અને પોતાની આત્મશ્લાઘા કરી તમારૂં મહાત્મ્ય ન ઘટાડત. અસ્તુ ! હવે મારો પ્રભાવ સાંભળો. પૂર્વે **ધન-સાર્થવાહે*** અતિ ભક્તિપૂર્વક સાધુને ઘી વ્હોરાવવાથી આ અવસર્પીણિમાં **આદ્યપ્રથિવીનાથ પ્રથમ યોગીશ્વર અને આદિમ તીર્થંકરની પદવીઓ સંપાદન કરી.** આ પણ મારો પ્રભાવજ સમજી લેવો. અરે **ત્રૈલોકય પિતામહ શ્રીઆદીશ્વર** પ્રભુ જેવા સિદ્ધપુરૂષે પણ પોતાના પવિત્ર હાથ શેલડીરસનું દાન કરનાર **શ્રેયાંસકુમારના** હાથ નીચે ધર્યો એ પણ મારો પ્રતાપી પ્રભાવ છે. "અરે પારકાની રંચમાત્ર સ્હાયતાવિના મોક્ષમાર્ગમાં જવા પ્રવૃત્ત થયેલ જીવ પણ મોક્ષને કાંઠે બેઠેલા પણ દાનની ઉપેક્ષા કરી શકતા નથી પણ અપેક્ષા રાખે છે." ( જેમકે ભાવ અભયદાન અને ભાવ સુપાત્રદાન, મોક્ષપંથનું અનુકુલ અંગ છે. )

તેમજ **સતીશીરોમણી** ચન્દનબાલા ( પરમાત્મા મહાવીર પ્રભુની પ્રથમ સાધ્વી ચન્દના ) એ એક મુઠી અડદના બાકુલા આપી મોક્ષ લીધું, એ કાંઈ જગતથી અજાણ્યું નથી. મારા પ્રભાવથી **દાતારની** કીર્તિરૂપી **નટડી** જગતમાં અનેકવિધ નૃત્ય કરતી–ત્રણે લોકમાં ભમતી **ધ્રુવના તારા સરખી અમર બની જાય છે.** બીજા પણ અનેક ભવ્યાત્માઓ દાન આપી કૃતાર્થ બની ગયા છે. હું વધારે શું કહું ? મારા પ્રતાપથી **અષ્ટમહાસિદ્ધિ, નવનિધાન, સારા સારા ભોગો ઉપભોગો અને આરોગ્યની પણ પ્રાપ્તિ થવી સુલભ છે**–થાય છે.

દાનના આવા જુસ્સાદાર શબ્દોથી શીયલની શાંતિમાં ભંગ પડ્યો. તેના ઠંડાગાર હૃદયમાં ધ્રુજારો છુટ્યો અને ઉતાવલથી બોલવાને સજ્જ થયો.

**શીયલ**—અરે, દાન દાન હવે રાખીજા ! રાખીજા ! આ બડાઈનાં બણુગાં ક્યાંસુધી ફુંકીશ ! હું તો ધારતો હતો કે તું બોલવામાં ભલાઈ વાપરશે; પણ તેં તો મારૂં શ્રેષ્ઠ સ્થાન તદ્દન હલકું પાડી નાખ્યું છે, પણ મારો પ્રતાપી પ્રભાવ તો સાંભલ ?

સીતા અને સુભદ્રા જેવી મહાન્ સતીઓએ પણ મારા પ્રયત્નથી દુઃસાધ્ય કર્મોને પણ સુસાધ્ય કર્યા છે, આ તો જગતમાં વિદિત થઈ ચુકેલી બીના છે. અરે ટંટાબાજ **નારદ** મુનિ પણ મારો હાથ પકડીને મોક્ષગામી થયો છે. અરે ધરાને ધ્રુજાવનાર દેવદાનવને "ત્રાહી ત્રાહી" પોકરાવનાર નામમાત્રથી ગર્ભવંતીના ગર્ભને ગાલનાર પ્રતાપી **રાવણરાજ** પણ મારાથી વંચિત્ત રહેતાં–મારા હાથથી વિખુટો પડતાં અપયશના પોટલા બાંધી બુરી હાલતે રણમાં રોળાયો–અરે તે **મરાયો છતાં** જગતમાં **ક્રૂરાત્મા અને હલકટ પુરૂષ તરીકે** પોતાનું સ્થાન ભોગવે છે. આ ફળ પણ મારી ઉપાસના નહીં કરવાથીજ મળ્યું છે. તેની **સોનાથી**

* શ્રી યુગાદિશ્વર પ્રભુના સમ્યકત્વ પ્રાપ્તિથી ગણાતા ૧૩ ભવોમાંનો પ્રથમ ભવ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચમકતી અને રત્નની મહેલી** લંકા લુંટાઇ, હતી ન હતી થઇ ગઇ એ પણ મારી સેવા નહીં કરવાથી બન્યું છે. યદિ હરકોઇ વ્યક્તિ શુદ્ધ મનથી મારી સેવા–ઉપાસના કરે તો—

મંત્ર ફ્લે જગ જશ વધે, દેવ કરે રે સાનિધ્ય;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ ॥

( બોલ ? દાન હવે કોનો પ્રતાપ વધે ? )

અરે, હજી આગળ વધીને કહું તો જીનેશ્વરદેવે બીજા કાર્યોનો નિષેધ કર્યો નથી તેમ આજ્ઞા પણ આપી નથી; પરંતુ એ જગત્કૃપાળુ પરમપૂજ્ય સર્વજ્ઞ પ્રભુએ પણ અબ્રહ્મચર્યનો તો નિષેધજ કર્યો છે.

“ મારો ઉપાસક જીતેન્દ્રિય થાય છે, જીતેન્દ્રિય મનુષ્યમાં વિનય ખીલે છે, વિનયીમાં સારા ગુણો આવે છે, જેને જોતાં બીજા માણસો ખુશી થાય છે અને મનુષ્યોના ખુશી થવાથી તેને સંપદા મળે છે; આ સંપદાનું અકથ્ય મૂલ હું જ છું. ” મારો પ્રભાવ અદ્ભૂત છે, માટે દાન, તપ અને ભાવ તમારૂં ગુમાન મૂકી દ્યો. તમો હજી પણ મારો સમસ્ત પ્રભાવ તો જાણતાજ નથી. મારામાં જે સત્તા મહત્તા કે પ્રભાવ છે તેથી સોમે અંશે પણ તમારી યોગ્ય મહત્તા કે પ્રભાવ નથી એ ચોક્કસ છે. માટે હવે ખોટી બડાઈ મૂકી દઇ મને તમારામાં શ્રેષ્ટ ધર્મભેદ તરીકે સ્વીકારો. ( ચાલુ )

## सन्तोना सुवास.

### વસન્તાતલકા.

ફાલ્યાં ફુલ્યાં તરૂવરો વનમાં નમે છે,
ને વાદળાં જળભર્યાં ગગને ઝુલે છે;
પામી સમૃદ્ધિસુખ **सन्त** સુનમ્ર થાયે,
ને લોકમાં સુજસ તેહતણો ગવાયે. ૧

શોભે સદા શ્રુતથી શ્રોત્ર ન કુંડલોથી,
શોભે છે દાનથી કરો નહિ કંકણોથી;
કાયા સદૈવ વળી **सन्त** તણી સુશોભે,
કાર્યો કર્યે પરતણાં, ન શ્રીખંડલેપે. ૨

૧ સંસ્કૃત પરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આર્યગીતિ.

પાપથકી નિવારે, નિયોજે વળી સદાય નિજ હિતમાં,
ગૂઢ મંત્રને ગોપે, પ્રકટ કરે છે ગુણગણુ અન્તરના;
આપત્તિ સમયે ના ત્યજે કદિ, વળી દાન પ્રસંગે દે,
આ સૌ **सन्तो** કેરાં સમજાવ્યાં છે લક્ષણ શાસ્ત્રોએ.
દિનકર પદ્માકરને કરે વિકસ્વર વિના સ્વાર્થ પોતે,
તથા ચન્દ્ર વણમાગ્યે કરે પ્રફુલ્લિત સદા કુમુદગણને;
જળધર પણ વરસે છે, જળ અવસરસર વિના પ્રાર્થના કો,
પરહિતમાં એમ પોતે કરે પ્રયત્નો સદા સતત **सन्तो.**

## શિખરિણી.

મને, વાચાયેને શરીરમહિં યે અમૃત ભરી,
સુકાર્યો સાધીને સકળ જગનું ચિત્તજ હરી;
ગણે ગુણીકેરા ગુણલવ ગુરૂ ગિરીશસમા,
દીઠા **सन्तो** એવા વિરલવિરલા કો જગતમાં.
નહિં લેખામાં કો સુરગિરિ સુવર્ણાદિથી ભર્યો,
રહે જેવાં તેવાં વિવિધ પણ જેનાં તરૂવરો;
ચહે છે **सन्तो** તો મલયગિરિ, જેના શરણમાં,
બને છે નિમ્બાદિ અવર તરૂઓ ચન્દનસમા.

## શાર્દૂલવિક્રીડિત.

તૃષ્ણા છેદી ક્ષમા ભજે, મદ ત્યજે, દુષ્કાર્યથી તો ડરે,
વાણી સત્ય વદે, મુનિ અનુસરે, પંડિત સેવા કરે;
શત્રુ મિત્ર કરે, નમે ગુરૂ, કથે ના ગુણ પોતા તણા,
પામે કીર્તિ, ધરે દુઃખી તણી દયા, આ ચેષ્ટિતો **सन्त** ના.
જો ક્ષીરે નિજ વીર નીર ગણીને રાખ્યું કરી મિત્રતા,
તો નીર ક્ષીરતાપ જોઈ પડવા માંડયું જઇ અગ્નિમાં;
ભાળી નીરદશા, થયું ક્ષીરમને " હું યે પડું પાવકે ",
ત્યાં નીરે મળી ક્ષીર શાન્તજ કર્યું; મિત્રો જુઓ **सन्त** એ.

S. M. spectator.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## આચાર્ય પદ મહોત્સવ.

ગામ પ્રાંતીજ જીલ્લા ગુજરાતમાં મહા શુદ ૧૦ શુક્રવારના રોજ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજે પોતાના મુખ્ય શિષ્ય પ્રસિદ્ધ વક્તા પંન્યાસજી શ્રી અજિત-સાગરજી મહારાજને આચાર્ય પદવી, મુનિશ્રી ઋદ્ધિસાગરજીને પ્રવર્ત્તક પદ અને મુનિશ્રી મહેન્દ્રસાગરજીને પંન્યાસ પદ ચતુર્વિધ સંઘ સમક્ષ આપેલ છે. તે સમયે જુદા જુદા શહેર અને ગામોના મળી શુમારે ત્રણ હજાર માણુસો આ મહોત્સવ પ્રસંગે એકત્ર થયા હતા. પંન્યાસજી શ્રી અજિતસાગરજી મહારાજ હાલમાં કાઠીયાવાડમાં અનેક સ્થળે વિહાર કરી દરેક સ્થાને સામાજીક અને ધાર્મિક વિષયો પર, જૈન અને જૈનેતર સમુહ વચ્ચે સમયાનુસાર અનેક ભાષણો આપી પોતાની વિદ્વતાનો લાભ આપેલ છે, ઉક્ત મહાત્મા કવિ, લેખક, અને વક્તા એ ત્રણે શક્તિ ધરાવે છે.

આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજે આચાર્ય પદવી આપ્યા પહેલાં, આચાર્યશ્રી અજિત-સાગરજી મહારાજને પદવીની મહત્વતા, જવાબદારી વગેરે માટે સરલતાથી આકર્ષક ભાષામાં જણાવ્યું હતું, અને પોતે વયોવૃદ્ધ થવાથી ચાલતી પરંપરા પ્રમાણે, ગુરૂ પોતાના લાયક શિષ્યને ગચ્છનો ભાર વહન કરવા માટે જેમ પોતાના હાથે પદવીધર બનાવતા હતા, તે પ્રમાણે હું આ પદ મારા શિષ્યને મારા હૈયાતિમાં મારે હાથે આપું છું અને તે સંપૂર્ણ ફરજ આચાર્ય તરીકે બજાવશે એમ જણાવું છું. વગેરે કહી આચાર્યપદ વિધિ વિધાન સાથે ઉત્સાહ પૂર્વક આપ્યું હતું, અને શ્રી આદિનાથ પ્રભુની જય બોલાવી પદવી પ્રદાન મહોત્સવ માટે શ્રી સંઘે પણ હર્ષ બતાવી, જીવદયા વગેરે માટે ફંડ થતાં તે દિવસ સ્વામીવાત્સલ્ય અને જીવોને અભયદાન આપવામાં આવ્યું હતું.

( મળેલું. )

## શ્રી અંતરીક્ષજી જૈન મંદીર કેસનો ચુકાદો

### શ્વેતામ્બરી જૈનોનો કાયમ કરવામાં આવેલ માલીકી હક્ક.

ધી જૈન એસોસિએશન ઓફ ઇન્ડીયાના ઓનરરી સેક્રેટરીઓ જણાવે છે કે, આકોલા પાસે આવેલા શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મંદીરથી માલીકી તથા વહીવટી હક તથા બીજી તકરારો સંબંધી શ્વેતામ્બર તથા દીગમ્બર જૈનો વચ્ચે જે કેસ ચાલતો હતો, તે કેસમાં નીચલી કોર્ટના ચુકાદા ઉપર શ્વેતામ્બરોએ નાગપુર હાઇકોર્ટમાં કરેલી અપીલનો ચુકાદો શ્વેતામ્બરોની તરફેણમાં તે કોર્ટના જડજો મેસર્સ કોટવાળ અને પ્રીડેકસે આપ્યો છે. ચુકાદાનો સાર નીચે મુજબ છે.—

નીચલી કોર્ટના હુકમનામાની સામે વાદીઓ તરફથી આ કોર્ટમાં જે વાંધાઓ ઉપર ભાર મૂકયો છે તે એ છે કે, શ્વેતામ્બરોને મંદીરની એકલા વ્યવસ્થા કરવાનો હક છે. એવી રીતે દલીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતા શ્વેતામ્બર વાદીઓને ખોટી રીતે બંધ કરવામાં આવ્યા હતા અને કરદોરો વિગેરે પાછું કરવાના સમ્બંધમાં તેમને મળેલા જે હુકમની રૂઇએ મનાઇ કરવામાં આવી હતી તે સ્પષ્ટ નથી. દીગમ્બરીઓનો ૧૯૦૫ માં થયેલી ગોઠવણ મુજબ દેરામાં પૂજા કરવાનો હક અહિં સ્વિકારવામાં આવે છે. બીજું એ પણ કબુલ થયું છે કે અહિંઆ આ કેસમાં ખરેખરો સવાલ એકલી માલીકીનો નથી, પણ એકલા વહીવટ કરવાના હકનો છે અને તે પ્રમાણે જાહેર કરવામાં આવે તો વાદીઓને સંતોષ થશે, કરદોરો વિગેરે ફરીથી કરવાનું કામ કેવી રીતે ( કરવું ) અમલમાં મુકવું તે સંબંધમાં અમુક સુચના આપવાની અમે જરૂરી ધારતા નથી. અમે એમ જાહેર કરીએ છીએ કે શ્વેતામ્બરીઓને કસબા શીરપુર મધ્યેના દહેરાની અને શ્રી અંતરીક્ષજી પારસનાથ મહારાજના કટીસૂત્ર, કરદોરા અને લેપ સાથેની મૂર્તિનો એકલા વ્યવસ્થા ( મેનેજમેન્ટ ) કરવાનો હક છે અને ચક્ષુ ટીકા અને મૂગટ સાથેની તે મૂર્તિને પૂજવાનો તેઓને હક્ક છે. અને તેઓના રીવાજ મુજબ તેના ઉપર આભૂષણો ચઢાવવાનો હક છે. દીગમ્બરીઓને ૧૯૦૫ થયેલી ગોઠવણ મુજબ તે મૂર્તિને ચક્ષુ ટીકા અને મુગટ અથવા આભૂષણ વગર પૂજવાનો હક છે, પરંતુ તેઓએ આભૂષણો ઉતારવાના નથી અથવા કછોટા, કટીસૂત્ર અને લેપની છેડ છાડ કરવાની નથી અને અમે જાહેર કરીએ છીએ કે શ્વેતામ્બરી કોમને મૂર્તિને અસલ સ્વરૂપમાં લાવતા અને તેને કછોટા, કટીસૂત્ર અને લેપથી હમણા અથવા હવે પછીથી વિલુપીત કરતાં અટકાવતા દીગમ્બરી કોમને હંમેશને માટે પ્રતિબંધિત કરવામાં આવે છે. નીચલી કોર્ટનું હુકમનામું ફેરવીને ઉપર મુજબનું હુકમનામું હવે કરવામાં આવે છે. ક્રોસ ઓબજેકસન્સ સામા વાંધાઓ કાઢી નાંખવામાં આવે છે ખરચના સંબંધમાં અમો ધારીએ કે દરેક પાર્ટીએ પોતે પોતાનો ખર્ચ ભોગવવો વ્યાજબી છે.

**સહી. પી. એસ. કોટવાલ.**
**સહી. એફ. ડબલ્યુ પ્રીડેકસ**
**વધારાના ન્યાયાધિકારી કમિશનરો.**
**૧ લી ઓકટોબર ૧૯૨૩.**

# કરાંચી મ્યુનિસિપાલીટીમાં પહેલા જૈન ઉમેદવાર.

કરાંચીના જૈન યુવકમંડલના મંત્રી શ્રીયુત્ પોપટલાલ ત્રિભુવનદાસ શાહ કે જેઓ કેટલાક વખતથી સામાજીક તેમજ રાજદ્વારી વિષયોમાં ભાગ લે છે, તેને ત્યાંની સ્થાનિક કોંગ્રેસ કમીટીએ કરાંચીની નેશનલ પાર્ટીમાં ત્યાંની મ્યુનીસીપાલીટીમાં મોકલવા પસંદ કરેલ છે. ભાઇ પોપટલાલ સ્વદેશીના હિમાયતી હોઇ સ્વદેશી વસ્ત્રના ખપી છે. અહિંસાના સિદ્ધાંત પ્રચાર માટે ત્યાં એક મંડળ સ્થાપી માંસાહાર અટકાવવાને પ્રયત્ન કરે છે. કરાંચીની ત્રણ હજારની જૈન વસ્તીમાં બંધુ પોપટલાલની ચુંટણી આવસ્યકની છે. ત્યાંની સ્થાનિક મ્યુનીસીપાલીટીના મેમ્બર થવાથી બંધુ પોપટલાલ ત્યાં જે કૂતરાઓને ઘાતકી રીતે મારી નંખાય છે તે માટે તેમજ ગૌવધ સામે જબરી લડત ઉઠાવી તે અટકાવવા પ્રયત્ન કરશે. આ સભાના તેઓ સભાસદ હોવાથી અમો તેમની તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પસંદગી માટે આનંદ જાહેર કરતાં ધર્મ સેવા-જન સેવા અને દેશ સેવા તેઓ વધારે કરવા ભાગ્યશાળી બને એમ ઇચ્છીયે છીયે.

# ગ્રંથાવલોકન.

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળ્યા છે જે સાભાર સ્વિકારવામાં આવે છે.

૧ **શ્રીદ્વાદશ ભાવના પૂજા**—કર્તા વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી લબ્ધિવિજયજી મહારાજ. પ્રકાશક–ઝવેરી મોહનલાલ મોતીચંદ, ઢંઢેરવાડો પાટણ.

૨ **રેખાદર્શન**—અષ્ટાંગ નિમિત્તના એક છેલ્લા વિભાગ જેને હાથ પગની રેખાઓ, મુખાકૃતિ અને મસ્તિષ્ક ઉપરથી પોતાના ભવિષ્યનો નિશ્ચય કરવો તેને લક્ષણ અંગ કહે છે, તેનું આ ગ્રંથમાં વિવરણ છે. જૈન સૂત્ર અંગવિજ્જા પયન્ના જેમાં અષ્ટાંગ નિમિત્તનું વર્ણન આવે છે તે, તેમજ સામુદ્રિક શાસ્ત્ર વગેરે ગ્રંથમાંથી ચુંટણી કરી આ રેખાદર્શન ગ્રંથ પન્યાસજી શ્રી દેવવિજયજી મહારાજે બનાવેલો છે. ગમે તે મનુષ્ય આ ગ્રંથ માત્ર વાંચીને તેમાં પ્રવીણ થઇ શકતો નથી, અથવા નિમિત્ત કહી શકતો નથી, પરંતુ તે ઘણી બારીકાઇથી તપાસ કરે તોજ સ્વરૂપ જાણી શકે છે. તે સંબંધમાં આ ગ્રંથના લેખક મહારાજશ્રીએ પ્રસ્તાવનામાં કેટલોક ખુલાસો કર્યો છે. એકંદરે મહારાજશ્રીએ રસમય ચુંટણી કરી ગ્રંથ તૈયાર કરવામાં ઠીક પ્રયત્ન સંક્ષિપ્તમાં કર્યો છે. અને તે મનન કરવા જેવો છે. ગ્રંથનું પ્રમાણ જોતાં કિંમત એક રૂપૈયો વિશેષ છે. આ ગ્રંથ શ્રી વિજય કમળ કેશર ગ્રંથમાળાના મણકા તરીકે પ્રકટ થયેલ છે. મળવાનું ઠેકાણું—શાહ વાડીલાલ પુરૂષોતમદાસ રાણપુર (કાઠીયાવાડ.)

## શ્રી મુંબઇ વર્ધમાન તપ આયંબીલ ખાતાનો

વાર્ષિક રીપોર્ટ—હસ્તલીખીત અમોને અવલોકનાર્થે મળેલ છે. આ ખાતું મુંબઇમાં શ્રી આદિશ્વરજીના દેરાસર પાસે ધર્મશાળામાં સ્થાપન કરવામાં આવ્યું છે, આ રીપોર્ટ સં. ૧૯૭૭ ની શાલમાં ખાતું શરૂ થયું ત્યારથી સં. ૧૯૭૯ ના બીજા જેઠ વદી ૦)) સુધીનો રીપોર્ટ છે. જેમાં સં. ૧૯૭૮ ના જેઠ શુદ ૧ સુધી ચૌદ માસનો છે જેમાં ૬૪૪૧ આયંબીલ થતાં રૂા. ૩૪૦૦) નો ખર્ચ થયો છે. આ ખાતાના કાર્યવાહકોનો ઉત્સાહ ઘણોજ સારો માલમ પડેલ છે. ફંડ સારૂં થયેલું છે તેટલુંજ નહીં પરંતુ આ રીપોર્ટ માટે મેળવવામાં આવેલી મીટીંગમાં પણ સારી રકમ મળેલી છે. આયંબીલ એ ઉત્તમ તપ છે. આવા ખાતા જૈનોની વસ્તીવાળા દરેક સ્થળમાં સ્થાપન થવાની જરૂર છે. શેઠ ગોવીંદજી ખુશાલ, પ્રેમજીભાઇ નાગરદાસ, સોમચંદ ઉત્તમચંદ પટવા, ચીમનલાલ જેસંગભાઇ વગેરે ગૃહસ્થોની ખંત સારી છે સાથે તે માટેના બધી રીતના પ્રયત્નો ધન્યવાદને પાત્ર છે. અમો આ ખાતાની ભવિષ્યમાં આબાદી ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલા—સંસ્કૃત, માગધી અને ભાષાંતરના ગ્રંથો.

×१ समवसरणस्तवः ०-१-०
×२ क्षुल्लकभवप्रकरणम् ०-१-०
×३ लोकनालिका ०-२-०
×४ योनिस्तवः ०-१-०
×५ कालसप्ततिका ०-१-६
×६ देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च ०-१-०
×७ सिद्धदण्डिका ०-१-०
×८ कायस्थितिस्तवः ०-२-०
×९ भावप्रकरणम् ०-२-०
×१० नवतत्त्वप्रकरणं(भाष्यविवृतिसमलंकृतम्) ०-१२-०
×११ विचारपञ्चाशिका ०-२-०
१२ बन्धषट् त्रिंशिका ०-२-०
१३ परमाणुपुद्गल-निगोदषट्त्रिंशिका ०-३-०
१४ श्रावकव्रत भङ्गप्रकरणम् ०-२-०
१५ देववन्दनादि भाष्यत्रयम् ०-८-०
१६ सिद्धपञ्चाशिका ०-२-०
१७ अन्नायउञ्छकुलकम् ०-२-०
१८ विचारसप्ततिका ०-३-०
१९ अल्पबहुत्वगर्भितवीरस्तवनादि. ०-२-०
२० पञ्चसूत्रम् ०-८-०
२१ जम्बूस्वामी चरित्रम् ०-४-०
२२ रत्नपालनृपकथानकम् ०-५-०
२३ सूक्तरत्नावली ०-४-०
२४ मेघदूतसमस्यालेखः ०-४-०
२५ चेतोदूतम् ०-४-०
×२६ अष्टान्हिकाव्याख्यानम् ०-६-०
×२७ चम्पकमालाकथानकम् ०-६-०
×२८ सम्यक्त्वकौमुदी ०-१२-०
×२९ श्राद्धगुणविवरणम् १-०-०
×३० धर्मरत्नप्रकरणं (स्वोपज्ञटीकया-समलंकृतम्) ०-१२-०
×३१ कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् ०-०-०
×३२ उत्तराध्ययनम् ( भाविजयगणि-विरचितटीकयोपेतम् ) ५-०-०
×३३ उपदेशसप्ततिका ०-१३-०
×३४ कुमारपालप्रबन्धः १-०-०
×३५ आचारोपदेशः ०-३-०
३६ रोहिण्यशोकचन्द्रकथा ०-२-०
×३७ ज्ञानसाराष्टकं ( ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम्. ) १-०-०
३८ गुरुगुणषट त्रिंशत्षट् त्रिंशिकाकुलकं ( दिपिकया भूषितम् ) ०-१०-०
३९ समयसारप्रकरणं ( स्वोपज्ञव्या-ख्योपेतम् ) ०-१०-०
४० सुकृतसागरम् ०-१२-०
४१ धम्मिलकथा ०-२-०
४२ धन्यकथानकम् ०-२-०
४३ प्रतिमाशतकम् ०-८-०
४४ चतुर्विंशतिस्तुति संग्रहः ०-६-०
४५ रौहिणेयकथा ०-२-०
×४६ क्षेत्रसमासप्रकरणं ( स्वोपज्ञटीकया भूषितम् । ) १-०-०
४७ श्राद्धविधिः ( विधिकौमुदीनामन्या वृत्योपेतः ) २-८-०
४८ बृहत्संग्रहणी २-८-०
४९ षडदर्शनसमुच्चयः ३-०-०
५० पञ्चसंग्रहः ३-८-०
५१ सुकृतसंकीर्तनमहाकाव्यम् ०-१२-०
५२ चत्वारः प्राचीनकर्मग्रन्थाः २-८-०
५३ सम्बोधसप्ततिः ०-१०-०
५४ कुवलयमाला कथा—संस्कृत १-८-०
५५ सामाचारीप्रकरणं ( स्वोपज्ञटीक-याभूषितम् ) ०-१०-०
५६ करुणावज्रायुधनाटकम् । ०-४-०
५७ कुमारपालचरित्रमहाकाव्यम् ०-१०-०
५८ महावीर चरियं १-०-०
५९ कौमुदीमित्राणन्दनाटकम् ०-८-०
६० प्रबुद्धरौहिणेयम् ०-६-०
६१ धर्माभ्युदयम् ०-६-०
६२ पञ्चनिग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे ०-८-०
६३ रयणसेहरीकहा ०-८-०
६४ सिद्ध प्राभृत ०-१०-०
६५ दानप्रदीपं २-०-०
६६ बंध हेतुदयत्रिभंगी आदि ०-१२-०
६७ धर्म परिक्षा ०-१२-०
६८ सप्ततिशतस्थान १-०-०
६९ चैत्यवंदन महाभाष्य १-१२-०
७० प्रश्नपद्धति ०-२-०
७१ कल्प किरणावली ०-०-०

×આ નીશાનીવાળા ગ્રંથો સિલીકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

७२ योगदर्शन १–८–०
७३ मंडल प्रकरण ०–४–०
७४ देवेन्द्रनरकेन्द्र सटीक ०–१२–०
७५ सुमुखनृपादिकथानकम् ०–११–०

**छपायेला परचुरण संस्कृत ग्रंथो.**

१ मेरु त्रयोदशी कथा ०–४–०
२ सुसढ चरित्र ०–२–०
३ श्री सुदर्शना चरित्र ( प्रथम भाग ) ०–६–०
४ जल्प मंजरी ०–२–०
५ जैन व्रतक्रिया विधि भेट
६ साधु आवश्यक क्रियासूत्र ,,
७ नळदमयंति आख्यान ,,
८ श्री अनुत्तरोपपातिक दशासूत्र ०–६–०

**छपायेला जैन ऐतिहासिक ग्रंथो.**

श्रीमान् प्रवर्तकजी श्री कान्तिविजयजी ग्रंथमाळा. )

१ विज्ञप्ति त्रिवेणी १–०–०
२ कृपा रसकोष १–०–०
३ शत्रुंजय तिर्थोद्धार प्रबंध १–०–०
४ प्राचीन जैन लेख संग्रह भाग १ लो १–०–०
५ द्रौपदी स्वयंवर नाटक ०–४–०
६ प्राचीन लेख संग्रह भा. २ जो ३–८–०

**છપાયેલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો.**

૧ શ્રી જૈન તત્ત્વાદર્શ (શાસ્ત્રી) ૫–૦–૦
૨ નવતત્ત્વનો સુંદર બોધ ૦–૧૦–૦
×૩ દેવસીરાઇ પ્રતિક્રમણ ૦–૩–૦
૪ જીવવિચાર વૃત્તિ ૦–૬–૦
૫ અજ્ઞાન તિમિર ભાસ્કર ૨–૮–૦
૬ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર ૦–૮–૦
૭ જૈનતત્ત્વસાર મૂળ તથા ભાષાંતર ૦–૬–૦
૮ દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ ૦–૮–૦
૯ નયમાર્ગદર્શક ૦–૧૨–૦
૧૦ હંસવિનોદ ( શાસ્ત્રી ) ૦–૧૨–૦
×૧૧ વિવિધ પૂજાસંગ્રહ ૦–૮–૦
૧૨ કુમાર વિહાર શતક. મૂળ. અવચૂરિ અને ભાષાંતર સાથે (શાસ્ત્રી) ૧–૮–૦
૧૩ જૈન તત્ત્વસાર ભાષાંતર ૦–૨–૦
૧૪ પ્રકરણ સંગ્રહ ૦–૪–૦
૧૫ નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત ૦–૮–૦
૧૬ આત્મવલ્લભ સ્તવનાવલી ૦–૬–૦
૧૭ મોક્ષપદ સોપાન ૦–૧૨–૦
×૧૮ ધર્મબિન્દુ ગ્રંથ, મૂળ ટીકા અને ભાષાંતર સાથે ૨–૮–૦
૧૯ પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) ૦–૧૪–૦
×૨૦ ધ્યાનવિચાર ( ગુજરાતી ) ૦–૩–૦
૨૧ શ્રાવક કલ્પતરૂ ૦–૬–૦
૨૨ આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) ૨–૮–૦
×૨૩ આત્મોન્નતિ ૦–૧૦–૦
૨૪ પ્રકરણ પુષ્પમાલા પ્રથમ પુષ્પ ૦–૬–૦
૨૫ જંબુસ્વામી ચરિત્ર ૦–૮–૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) ૧–૦–૦
૨૭ તપોરત્ન મહોદધિ ભાગ ૧—૨ તમામ તપ વિધિ સાથે ૦–૮–૦
×૨૮ વિવિધ પૂજાસંગ્રહ (બી. આવૃત્તિ) ૧–૪–૦
૨૯ સમ્યક્ત્વ સ્તવ ૦–૪–૦
૩૦ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ ૧–૮–૦
૩૧ ચંપકમાળા ચરિત્ર ૦–૮–૦
×૩૨ કુમારપાલ ચરિત્ર ( હિંદી ) નથી
૩૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદી ,, ૧–૦–૦
૩૪ પ્રકરણ પુષ્પમાલા બીજું રત્ન ૦–૮–૦
૩૫ અનુયોગદ્વાર સૂત્ર ૦–૮–૦
૩૬ અધ્યાત્મમત પરીક્ષા ૦–૪–૦
૩૭ ગુરૂગુણ છત્રીશી ૦–૮–૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી ૦–૫–૦
×૩૯ શ્રી આત્મકાન્તિ પ્રકાશ ૦–૪–૦
૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) ૦–૧૨–૦
૪૧ શ્રી દેવ ભક્તિમાળા પ્રકરણ ૧–૦–૦
૪૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ૧–૦–૦
૪૩ સંબોધ સિત્તરી ૧–૦–૦
૪૪ ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) ૧–૮–૦
૪૫ સુમુખનૃપાદિ કથા. ૧–૦–૦

**छपाता ग्रंथो.**

१ श्री नेमनाथ चरित्र.
२ श्री दानप्रदीप भाषांतर
३ श्रावक धर्म विधि.
४ मेघदूत काव्य
५ गुरुतत्व विनिश्चय
६ श्री सुपार्श्वनाथ चरित्र भाषांतर

× આ નીશાનીવાળા ગ્રંથો સીલીકમાં નથી.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા.

## ( વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનુ વિસ્તાર પૂર્વક અપૂર્વ વર્ણન. )

સકલ મંત્ર શિરોમણિ, અનેક ગુણકલ્પ મહોદધિ, ચાદપૂર્વના સારભૂત પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર કે જેનો મહિમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક શાસ્ત્રકાર મહારાજે વર્ણવેલ છે. અને જે ધ્યાન કરવા યોગ્ય છે. નવલાખવાર વિધિપૂર્વક જપ કરતાં–નર્કનું નિવારણ થતાં ભવનો પાર–મોક્ષ પમાય છે, એમ: અપૂર્વ મહિમા શાસ્ત્રમાં વર્ણવેલ છે.

જિનેશ્વર ભગવાને આત્માના મોક્ષ માટે ધ્યાન–તપ ઉત્કૃષ્ટ ક્રિયા કહેલી છે, અને ધ્યાન પંચપરમેષ્ટીના ૧૦૮ ગુણોનું થઇ શકે છે. **પંચપરમેષ્ટી શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મુનિરાજ** અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચીસ અને સત્તાવીશ ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે, કે જેનું નવકારવાળી દ્વારા ધ્યાન થઇ શકે છે. આ ૧૦૮ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે નવકારવાળીમાં ગુણોને બદલે માત્ર નવકારમંત્રનું એક એક પારે એક સ્મરણ થાય છે; પરંતુ શાસ્ત્રકાર મહારાજનું કથન પંચપરમેષ્ટીના ૧૦૮ ગુણનાં વર્ણનનું સ્મરણ, નવકારવાળી દ્વારા મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે. જેથી ભવ્ય જનોના ઉપકાર નિમિત્તે શ્રી જિનલાભસૂરિ મહારાજના આજ્ઞાથી શ્રી ખરતર ગચ્છના વિદ્વાન મુનિરાજ શ્રી **રામવિજયજી** ઉપાધ્યાયજી મહારાજે આ ગ્રંથમાં તે ઉત્તમોત્તમ ગુણોનું અપૂર્વ, સુંદર, સરલ અને મોક્ષદાયી વર્ણન અનેક ચમત્કારિક કથાઓ, દ્રવ્યાનુયોગની હકીકતો, શાસ્ત્રોની સાદતો આપીને મોક્ષના અભિલાષિઓ માટે કરી તેની અલૌકિક રચના કરી છે.

દરેક જૈન બંધુઓના ઘરમાં–લાઇબ્રેરીમાં, નિવાસ સ્થાનમાં, સ્મરણ, મનન માટે આ ગ્રંથ અવશ્ય હોવોજ જોઇએ. ઉંચા કાગળો ઉપર, સુંદર ટાઇપથી છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂ. ૧–૮–૦

---

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

**નીચેના ગ્રંથોમાંથી કેટલાક છપાય છે, કેટલાકની યોજના થાય છે.**

૧ જૈન મેઘદૂત સટીક.
૨ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ.
૩ ષટ્સ્થાન સટીક.
૪ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૫ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૬ શ્રાવકધર્મવિધિપ્રકરણ સટીક.
૭ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૮ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૯ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૦ ધાતુપારાયણ.
૧૧ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ તરફથી.
૧૨ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૩ દાન પ્રદીપ. ભાષાંતર વકીલ નાનાલાલ હરીચંદ ભાવનગર તરફથી.
૧૪ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૫ નવતત્ત્વ ભાષ્ય. ,,
૧૬ શ્રી પ્રભાવક ચરિત્ર ,,
૧૭ શ્રી વાસુપુજ્ય ચરિત્ર ,,

નંબર ૧૨–૧૪–૧૫–૧૬–૧૭ ના ગ્રંથમાં મદદની અપેક્ષા છે. જ્ઞાનોદ્ધારના કાર્ય ને ઉત્તેજન આપવા જેવું છે. નફો તમામ જ્ઞાન ખાતે વપરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાય-પરાયણતા.

હવે આપણે કહી શકીએ કે, ન્યાયપરાયણ મનુષ્ય માત્ર કાયદેસર હકોને જ નહિ, પણ લોકાચારવિહિત આકાંક્ષાઓને પણ માન આપે છે. પણ તેવી આકાંક્ષાઓ ઘણી વખતે જોઇએ તેવી સ્પષ્ટ તથા વ્યક્ત નથી હોતી અને તેથી ન્યાય અન્યાયનો નિર્ણય વિશદ રૂપે થઇ શકતો નથી. વળી આવી આકાંક્ષાઓ નિરંતર ઉત્તેજિત થઇ સ્થાયી રૂપે ન રહેવી જોઇએ. એ વાત પણ કબૂલ કરવા આપણે તૈયાર હોઇએ છીએ. જો તે પ્રમાણે થાય તો સામાજિક વ્યવસ્થા એવી સ્થિર તથા અચલ થઈ જાય કે તેમાં સુધારાની જરા પણ આશા ન રહે. બહુ જ અગત્યના હકો સાથે સંબંધ ધરાવતી આકાંક્ષાઓ સમાજના કલ્યાણ માટે જરૂરની છે; પણ જ્યાં લોકમતનું એવું જબરદસ્ત બલ હોય કે કોઇ મનુષ્ય પોતાના પાડોશીઓ આકાંક્ષાઓ રાખતા હોય તેનાથી જરા પણ જુદું વર્તન રાખવા હિમ્મત ન કરી શકે તો સામાજીક પ્રગતિ રોકાઇ જાય છે. આ લોકાચારવિહિત આકાંક્ષાઓનો જેટલા પ્રમાણમાં વધારે વિસ્તાર હોય તથા તેમના ઉલ્લંઘનથી જેટલા પ્રમાણમાં વધારે ભય રહે તેટલા પ્રમાણમાં સમાજની પ્રગતિ ઓછી થાય છે. તેવી આકાંક્ષાઓ પશ્ચિમ કરતાં પૂર્વના દેશોની સમાજવ્યવસ્થામાં અધિકાંશે જોવામાં આવે છે. અને પશ્ચિમના દેશોમાં શહેરો કરતાં નાનાં ગામોમાં તેમનું પ્રાબલ્ય અધિક હોય છે. જાતિ જેટલી પછાત હોય તેટલીજ આચાર તથા વિચારની વિલક્ષણતા-લોકાચાર-વિરોધીતા ઉપર લોકોની વધારે અપ્રસન્નતા હોય છે. અને તેવી જાતિમાં વ્યક્તિની સ્વતંત્રતાનો ખ્યાલ પણ બહુ થોડો હોય છે. એ ખરૂં કે ન્યાય પણ સામાજિક જીવનના સ્થિર તથા નિશ્ચલ ભાગ સાથે સંકલિત હોય છે, અને તેનો ઉદ્દેશ પ્રગતિ નહિ પણ નિયમ હોય છે. તો પણ તે પ્રગતિનો નિરોધક તો નથી જ: કાયદાથી અથવા સમાજના અમુક સમયના લોકમત તથા લોકાચારથી નિયમિત એવા અન્ય જનોના હકને માન આપે તે મનુષ્ય ન્યાયપરાયણ કહેવાય એમ કહેવામાં તે મનુષ્યના ચારિત્ર્યનું સંપૂર્ણ વર્ણન આવી જતું નથી. તેની વ્યાખ્યામાં સત્યનો માત્ર એક અંશ રહેલો છે. આ વ્યાખ્યાને આપણે કદાચ ન્યાયપરાયણતામાં રહેલા સ્થિતિપાલક અંશના વાચક કહી શકીએ. કોઇ વખતે ન્યાયપરાયણતાનો ઉદારતાથી વિરોધ બતાવતાં " ન્યાય-પરાયણ " નો " જે વાત આવશ્યક હોય " તેને અનુરૂપ થવું એવો વિષમ અર્થ લેવામાં આવે છે. પણ મનુષ્યના હક્કોનો ઉપર જણાવેલો વિસ્તૃત મત ગ્રહણ કરવાથી આવો વિષમ અર્થ ઓછો લાગુ પડી શકે છે. જો કોઇ કારખાનાનો માલીક કારખાનાના મજુરોને પહેલાંથી ઠરાવેલા રોજ આપે અને તેમના પ્રતિ તેની જે બીજી ફરજોને કાયદાનું બંધન ન હોય તેવી ફરજો અદા ન કરે તો આપણે તેને ભાગ્યે જ ન્યાયપરાયણ કહેશું. સાચો ન્યાયપરાયણ મનુષ્ય સમાજે નિર્ણીત કરેલા હકો ઉપરાંત જે હકો પ્રતિ સમાજને ઉદાસીન ભાવ હોય તેવા હકોને પણ માન આપે છે અને આદર્શ ન્યાયપરાયણતાનો આશ્રય લઇ કોઈ વખતે સમાજની હકો સંબંધી વ્યવસ્થામાં ફેરફાર કરવા પ્રયાસ કરે છે.

નૈતિક જીવનમાંથી.

For Private And Personal Use Only